
Page 10


# સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
Digital Editions

2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ

**Year :** 04, **Issue :** 70, Dt. 20-07-2026 (MONDAY) Rs. 02/- **Page :** 24, RNI No. GUJGUJ/2023/84789


**લોહીના સબંધો લજાવાયા** પૈસાની ભાગ બટાઈમાં કૌટુંબિક ભત્રીજાએ કાકાની હત્યા કરી

# રાજકોટમાં મિલકત વિવાદમાં બે સગા ભાઈની હત્યા

**મિલકતમાં ભાગ કેમ નથી આપતા કહી કૌટુંબિક ભાઈ પરિવારના જ ત્રણ સભ્યો ઉપર છરી વડે તૂટી પડ્યો**

**શહેરના રૈયા એક્સચેંજ વિસ્તારમાં રાતે ભરવાડ પરિવારમાં ખેલાયો લોહીયાળ જંગ**

**સૂરેશ ધોળકિયાનો પુત્ર લાખાભાઈ ગંભીર રીતે ઈજાગ્રસ્ત**




તસવીરઃ અક્ષય ગોંડલિયા


સુરેશ ધોળકિયા


રાજેશ ધોળકિયા

## હત્યા કરનાર હાર્દિક ધોળકિયાને પણ ગંભીર ઈજા


સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટની સોમનાથ સોસાયટીમાં રહેતા ભરવાડ યુવાન રાજેશભાઇ બાલાભાઇ ધોળકીયાના ઘરે વૈશાલીનગરમાંથી તેનો કુટુંબી ભત્રીજો હાર્દિક ધુળાભાઇ ધોળકીયા આવી ગાળાગાળી કરતો હોઇ રાજેશભાઇએ ફોન કરી રૈયાધાર બંસીધર પાર્કમાંથી પોતાના મોટા ભાઇ સુરેશભાઇ બાલાભાઇ ધોળકીયા અને ભત્રીજા લાખાભાઇ સુરેશભાઇ ધોળકીયાને બોલાવતાં આ ત્રણેયએ સાથે મળી તેમજ બીજા સગાએ હાર્દિકને ગાળો નહિ બોલવા અને માથાકુટ નહિ કરવા સમજાવતાં હાર્દિક નેફામાંથી છરી કાઢી સુરેશભાઇ પર તૂટી પડયો હતો અને છાતીમાં એક ઘા મારતાં તે ઢળી પડયા હતાં. બાદમાં રાજેશભાઇ અને લાખાભાઇને પણ ઇજા પહોંચાડી હતી. વળતા હુમલામાં હાર્દિક પણ ઘાયલ થયો હતો. ખાનગી હોસ્પિટલમાં સુરેશભાઇનો મૃતદેહ જ પહોંચ્યાનું જાહેર થતાં કલ્પાંત સર્જાયો હતો. તેના ભાઇ રાજેશભાઇ ગંભીર હાલતમાં દાખલ હતાં તેમનું પણ સવારે મૃત્યુ થતાં ઘટના ડબલ મર્ડરમાં પરિણમી હતી. સામે પક્ષે હાર્દિક પણ ગંભીર ઇજાઓ સાથે સારવારમાં છે. હત્યાના બનાવમાં પોલીસે રૈયાધાર બંસીધર પાર્ક શેરી નં. ૧ પાણીના ટાંકા પાછળ રહેતાં લાખાભાઇ સુરેશભાઇ ધોળકીયા (ઉ.વ.૨૪)ની ફરિયાદ પરથી હાર્દિક ધુળાભાઇ ધોળકીયા સામે ગુનો નોંધ્યો છે. લાખાભાઇએ ફરિયાદમાં જણાવ્યું છે કે હું પરિવારમાં મારા પિતા સુરેશભાઇ બાલાભાઇ ધોળકીયા (ઉ.વ.૫૫), માતા

### પોલીસમાં સામ-સામે ફરિયાદ

લીલુબેન, મારા પત્નિ ભુમિબેન અને ભાઇ વિજયભાઇ સાથે રહુ છું અને કુવાડવા રોડ પર શીવ શક્તિ આટાની ચક્કી ચલાવી ગુજરાન ચલાવુ છું.રાતે એકાદ વાગ્યે હું અને મારા પિતાજી સુરેશભાઇ ઘરે હતાં ત્યારે મારા કાકા રાજેશભાઇ ધોળકીયાનો ફોન મારા પિતાના ફોનમાં આવ્યો હતો અને કહ્યું હતું કે આપણો કુટુંબી ભત્રીજો-સંબંધી હાર્દિક ધોળકીયા મારા ઘર પાસે આવી ગાળાગાળી કરે છે તમે ઝડપથી આવો. આથી હું અને મારા પિતા સુરેશભાઇ તુરત જ અમારી હુન્ડાઇ કારમાં મારા કાકા રાજેશભાઇ બાલાભાઇ ધોળકીયા કે જેઓ રૈયા ટેલિફોન એક્ષચેન્જ પાછળ સોમનાથ-૨ શેરી નં. ૪ના ખુણે રાધીડા ડેરી સામેના રોડ પર રહે છે તેમની ઘરે ગયા હતાં. અમે ત્યાં પહોંચ્યા ત્યારે મારા કાકા રાજેશભાઇ, હનુભાઇ નાજાભાઇ, શીવાભાઇ નથુભાઇ ડોંડા હાજર હતાં. સામે હાર્દિક ઉભો હતો અને ગાળો બોલતો હતો. જેથી મારા હનુકાકાએ તેને સમજાવવા માટે તેની નજીક જતાં તે વધુ ઉશ્કેરાઇ ગયો હતો અને વધુ ગાળો દેવા માંડયો હતો. આથી મેં અને મારા કાકા રાજેશભાઇ અમે બંનેએ તેમના ઘર આગળ પડેલ લોખંડના પાઇપ લઇ લીધા હતાં. આ પછી પણ હું, મારા પિતા સુરેશભાઇ અને કાકા રાજેશભાઇ એમ ત્રણેય સાથે મળીને હાર્દિકને ગાળો નહિ બોલવા સમજાવ્યો હતો અને માથાકુટ ન કરવા પણ કહ્યું હતું. આ વખતે હાર્દિકે-અમારો ભાગ કેમ આપતાં નથી તેમ કહી પોતાના પડખામાંથી છરી કાઢી હતી અને મારા પિતા સુરેશભાઇને છાતીના ભાગે એક જોરદાર ઘા મારી દીધો હતો જેના કારણે તેઓ ત્યાં જ ઢળી પડયા હતાં.

**સુરેશ ધોળકિયા અને રાજેશ ધોળકિયાનું મોત નીપજ્યું હતું**


આરોપી હાર્દિક ધોળકિયા



## જંતર-મંતર પરથી પોલીસે અભિજીત દીપકેને ઉઠાવ્યાનો દાવો

# દિલ્હીમાં યુવાનો ઉપર પોલીસનો લાઠીચાર્જ



## ટીયર ગેસ છોડાયા: અનેક લોકો લોહીલુહાણ !

## CJPનો દાવો: વાંગચૂકની પત્નીના વાળ ખેંચવામાં આવ્યા

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

દિલ્હીમાં કોકરોચ જનતા પાર્ટીનો સંસદ માર્ચ ચાલુ છે. પ્રદર્શનકારીઓ સંસદ પાસે પહોંચી ગયા છે. પોલીસે લાઠીચાર્જની સાથે ટીયર ગેસ છોડ્યા છે. આમાં ઘણા લોકો ઘાયલ થયા છે. આ તરફ, મોટી સંખ્યામાં પ્રદર્શનકારીઓ રાજીવ ચોક અને મંડી હાઉસ મેટ્રો સ્ટેશનમાં ઘૂસી ગયા છે. ત્યાં તેમણે ઈન્કલાબ ઝિંદાબાદના નારા લગાવ્યા. સોમવારના પ્રદર્શન માટે લોકો રવિવાર રાત્રે ૧૧ વાગ્યાથી જ જંતર-મંતર પર એકઠા થવા લાગ્યા હતા. તેમણે ફૂટપાથ પર જ રાત વિતાવી. સવારે જ્યારે માર્ચ શરૂ થયો, ત્યારે પોલીસ અને પ્રદર્શનકારીઓ વચ્ચે ધક્કામુક્કી થઈ.કોકરોચ જનતા પાર્ટીએ દાવો કર્યો છે કે દિલ્હી પોલીસે



અભિજીત દીપકેને કસ્ટડીમાં લીધા છે. જોકે, પોલીસે તેનો ઈનકાર કર્યો છે. દીપકેએ તમામ સાંસદોને વિદ્યાર્થીઓના સમર્થનમાં ઊભા રહેવાની અપીલ કરી છે.આ પહેલાં, CJPના સમર્થકો સોમવારે સંસદ ભવન નજીક પહોંચી ગયા હતા. પ્રદર્શનકારીઓએ સંસદમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો. ત્યારબાદ સંસદની સુરક્ષા વધારી દેવામાં આવી છે. મુખ્ય દરવાજો બંધ કરી દેવામાં આવ્યો.પોલીસે પ્રદર્શનકારીઓને રોકવા માટે ટીયર ગેસ છોડ્યા. ત્યારબાદ ભીડ વિખેરાઈ ગઈ. જ્યારે બહાર આ હોબાળો ચાલી રહ્યો હતો તે સમયે પીએમ સહિત તમામ સાંસદો સંસદમાં હાજર હતા. સવારે પ્રદર્શનકારીઓ રાજીવ ચોક અને મંડી હાઉસ મેટ્રો સ્ટેશનમાં પણ ઘૂસી ગયા હતા.

## યુવાનો બેરિકેડ તોડીને સંસદ પાસે પહોંચ્યા



## કોકરોચ જનતા પાર્ટી અને વાંગચૂકની 5 માંગ

- કેન્દ્રીય શિક્ષામંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું
- રાષ્ટ્રીય સ્તર પર પરીક્ષા સુધાર
- પેપર લીક રોકવા માટે કડક કાયદા
- પરીક્ષા એજન્સીઓની જવાબદારી અને પારદર્શક વ્યવસ્થા
- આત્મહત્યા કરનાર વિદ્યાર્થીના પરિવારને વળતર અને પ્રભાવિત વિદ્યાર્થીઓ માટે મદદ આપવામાં આવે


## મહિલાઓની ટીંગાટોળી કરી; હજારો યૂવાનો ઘાયલ






# દિલ્હી પોલીસે યુવાનોના માથા ફોડી નાંખ્યા; દોડાવી-દોડાવી લાકડીઓનો વરસાદ વરસાવ્યો

## જંતર-મંતર ખાલી કરાવવા પોલીસનો બળપ્રયોગ સફળ

## રામ મંદિરમાં ચોરી–પેપર લીક મામલે સંસદમાં ધમાલ બાદ કાર્યવાહી કાલ સુધી સ્થગિત

# સંસદમાં હોબાળો : સરકાર બાળકોનો અવાજ દબાવી રહી છે : કોંગ્રેસ




## પ્રિયંકા ગાંધીએ કહ્યું વિદ્યાર્થીઓને કેમ મારવામાં આવી રહ્યા છે



કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ કહ્યું કે, અમે બધા શિક્ષણ સંબંધિત મુદ્દાઓ પર સંસદમાં ચર્ચાની માંગ કરી રહ્યા છીએ. શિક્ષણ નીતિમાં ઘણી ગંભીર સમસ્યાઓ છે, પરંતુ સરકાર તેના પર ચર્ચા કરવા તૈયાર નથી. તેના બદલે વિદ્યાર્થીઓ પર ટીયર ગેસના શેલ છોડવામાં આવી રહ્યા છે અને તેમને મારવામાં આવી રહ્યા છે. આખરે કેમ? તેઓ આપણા જ બાળકો છે.

## સુપ્રિમ કોર્ટમાં જજોની સંખ્યા વધારતું બિલ વટહૂકમનું સ્થાન લેશે

લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહી બપોરે ૨ વાગ્યે ફરી શરૂ થઈ. જોકે વિપક્ષ પેપર લીક મામલાને લઈને હોબાળો કરી રહ્યો છે. વિપક્ષી સાંસદોના પોસ્ટર બેનર લહેરાવવા પર સ્પીકરે વાંધો ઉઠાવ્યો. લોકસભા અડધા કલાક માટે ફરી સ્થગિત કરી દેવામાં આવી. બપોરે ૩ વાગ્યે લોકસભાની કાર્યવાહી ફરી શરૂ થતાં જ વિપક્ષી સાંસદોના હોબાળાને કારણે ગૃહની કાર્યવાહી મંગળવાર સુધી સ્થગિત કરવામાં આવી. લોકસભામાં સુપ્રીમ કોર્ટ (જજોની સંખ્યા) સુધારા વિધેયક, ૨૦૨૬ રજૂ કરવામાં આવશે. સુપ્રીમ કોર્ટમાં જજોની મંજૂર સંખ્યા ૩૪ થી વધારીને ૩૮ (ચીફ જસ્ટિસ સહિત) કરવામાં આવશે. આ બિલ મે મહિનામાં જારી કરાયેલા ઓર્ડિનન્સનું સ્થાન લેશે. ઓર્ડિનન્સ લાગુ થયા પછી, વધેલી મંજૂર સંખ્યાના આધારે સુપ્રીમ કોર્ટમાં ૫ નવા જજોની નિમણૂક કરવામાં આવી છે. આ સુધારા માટે બંધારણમાં ફેરફાર કરવાની જરૂર નથી. તેને પસાર કરવા માટે સંસદમાં સાધારણ બહુમતીની જરૂર છે.



### રાહુલનું નામ લીધા વિના મોદીનો કટાક્ષ

## 56 નહીં 28 વર્ષના યુવાન દેશનું સન્માન વધારી રહ્યા છે : મોદી



વડાપ્રધાનનો રાહુલ ગાંધી પર કટાક્ષ પોતાના સંબોધનમાં પીએમ મોદીએ વિપક્ષના નેતા રાહુલ ગાંધી પર કટાક્ષ કરતા કહ્યું- હું કોઈ ૫૬ વર્ષીય યુવકની વાત નથી કરી રહ્યો. હું દેશના એવા યુવા ઉદ્યોગસાહસિકોની વાત કરી રહ્યો છું જેમની સરેરાશ ઉંમર ૨૮ વર્ષ છે... તેઓ અભિનંદનને પાત્ર છે, તેમાં કોઈ શંકા નથી. ૫૬ નહીં, ૨૮ વર્ષના યુવાન દેશનું સન્માન વધારી રહ્યા છે. તમે જાણો છો, ભારતમાં આત્મવિશ્વાસ વધારે છે. વિશ્વમાં ભારતની છબી સર્વત્ર સન્માનિત અને વ્યાપકપણે સ્વીકાર્ય બની રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંસદના ચોમાસુ સત્રના સાર્થક થવાની આશા વ્યક્ત કરી. મોદીએ અવકાશ ક્ષેત્રે ભારતની વધતી સિદ્ધિઓની પ્રશંસા કરતા કરી. તેમણે ઇનોવેશનને પ્રોત્સાહન આપવા અને દેશની અવકાશ ક્ષમતાઓને વિસ્તૃત કરવામાં ખાનગી ક્ષેત્રની ભૂમિકાની પણ પ્રશંસા કરી.

પોતાના સંબોધનમાં પીએમ મોદીએ રાહુલ ગાંધીનું નામ લીધા વિના કટાક્ષ કર્યો. પીએમ નરેન્દ્ર મોદીએ કહ્યું, "ભારતના એક યુવા સ્ટાર્ટઅપે ખૂબ મોટી સિદ્ધિ મેળવી છે. ભારતના યુવાનોએ અવકાશમાં નવી ઉડાન ભરી છે, ખૂબ મોટી સફળતા છે.

### આજી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ એ વડાપ્રધાન મોદી જ્યારે રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારનો ડ્રીમ પ્રોજેક્ટ છેઃ મકબુલ દાઉદાણી

# રાજકોટની પ્રજાને શાસકો સપના દેખાડે છે ?

- કોંગ્રેસે કહ્યું આજીડેમમાં ઈન્ટરસેક્ટર કુંડીઓનું કામ કરવામાં આવ્યું હતું અત્યારે સ્થળ ઉપર કુંડી નથી
- જંગલેશ્વર ડિમોલિશનના નામે રજૂ થયેલા તમામ બિલોમાંથી કેટલા પાસ થયા અને કેટલા પેન્ડિંગ છે તેવી તપાસ કરો


તસવીરઃ અક્ષય ગોંડલિયા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

કોંગ્રેસના કોર્પોરેટર મકબુલ દાઉદાણીએ સત્તાધીશો પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, આજી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ એ વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારનો ડ્રીમ પ્રોજેક્ટ છે. છેલ્લા ૧૦ વર્ષથી આ પ્રોજેક્ટને વાર્ષિક બજેટમાં સામેલ કરવામાં આવે છે, પરંતુ હજુ સુધી તે જમીની સ્તરે પૂર્ણ થયો નથી. શરૂઆતમાં જે ઈન્ટરસેપ્ટર કુંડીઓનું કામ કરવામાં આવ્યું હતું, તેમાંથી અત્યારે એક પણ કુંડી સ્થળ પર ઉપલબ્ધ નથી. ચુનારાવાડ પુલથી રામનાથ મહાદેવ મંદિર થઈને કેસરી પુલ સુધીના ડેવલપમેન્ટનું કામ કેમ અટકેલું છે તેવો સવાલ ઉઠાવી તેમણે પૂછ્યું હતું કે કુંડીઓ પાછળ થયેલો કરોડોનો ખર્ચ હવે કોના માથે નાખવામાં આવશે ?

## તમામ પ્રશ્નોના જવાબ આપવામાં આવ્યા છેઃ મેયર

મહાનગરપાલિકાનું આજે જનરલ બોર્ડ મળી રહ્યું છે જેમાં ૬૩ પ્રશ્નો પૂછવામાં આવ્યા છે, જેમાંથી ૧૧ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી છે. અત્યારે ૧૧ પ્રશ્નો પૈકી સફાઈના પ્રશ્નો આવ્યા છે ખાસ ફોકસ પણ અત્યાર સુધી સવાલ અને જવાબ આપ્યા છે. જનરલ બોર્ડમા પાણી સહિતના પ્રશ્નો આવ્યા છે. ચોમાસું આવે એટલે સાહજિક ઉઠે છે. કમિશનર દ્વારા આ મુદે કરવામાં આવેલી કામગીરી અંગે જવાબ આપવામાં આવેલા છે. આરએમસીની તમામ સેવાઓ સતત મળતી રહે છે જે સેવાઓ એક દિવસ મળતી નથી ત્યારે પ્રશ્ન ઉઠે છે. રિવર ફ્રન્ટ સહિતના પ્રશ્નોના જવાબ આપ્યા છે.

## પાણીની બોટલથી લઈને મીઠાઈ સુધીના ખર્ચમાં કોઈ ગોટાળા હશે તો કડક કાર્યવાહી થશે

રાજકોટ મનપા જનરલ બોર્ડમાં મનપા કમિશનરે કોંગ્રેસને આપ્યો જવાબ. કોંગ્રેસના વોર્ડ નંબર ૧૬ના કોર્પોરેટર અર્જુનભાઈ ચૌહાણના આપ્યો જવાબ. જંગલેશ્વરના ખર્ચ મામલે ખુદ કમિશનર તુષાર સુમેરાએ કહ્યું, પાણીની બોટલથી લઈને મીઠાઈ સુધી ખર્ચના કોઈ ગોટાળા હશે તો કડક કાર્યવાહી થશે. કેટલા મશીનો કેટલી કલાક ચાલ્યા,કેટલા લોકો કામગીરીમાં જોડાયા,કેટલી જમીન ખુલ્લી કરાઈ સહિતના મુદે જવાબ આપ્યો.

### કોંગી કોર્પોરેટર–વિજિલન્સ વચ્ચે ઘર્ષણ

# જનરલ બોર્ડ પૂર્વે કોંગ્રેસનો વિરોધ

### રાજકોટના આજી રિવરફ્રન્ટ અને જંગલેશ્વર ડિમોલિશન ખર્ચ મુદ્દે કોંગ્રેસે સવાલો ઉઠાવ્યા


તસવીરઃ અક્ષય ગોંડલિયા



રાજકોટ મનપા કચેરીમાં નવનિયુક્ત શાસકોની બીજી જનરલ બોર્ડની બેઠક યોજાયા પૂર્વે જ ભારે હોબાળો મચી ગયો હતો. કોંગ્રેસના કોર્પોરેટરો આજી રિવરફ્રન્ટ યોજનામાં થયેલો વિલંબ અને જંગલેશ્વર વિસ્તારમાં ડિમોલિશન દરમિયાન થયેલા શંકાસ્પદ ખર્ચ સહિતના વિવિધ મુદ્દાઓ અંગે મનપા શાસકોની સામે સવાલો ઉઠાવ્યા હતા. લોકહિત પ્રશ્નો અને ભ્રષ્ટાચારના આક્ષેપો સાથેના બેનરો પ્રદર્શિત કરી કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો.


તસવીરઃ અક્ષય ગોંડલિયા

# મહાપાલિકાની જનરલ બોર્ડમાં અધિકારીઓ સવાલોના ઘેરામાં

## પાર્કિંગ હેતુના પ્લોટ્સમાં ગેરકાનૂની કામો થાય છે; ફરિયાદ આવે તો જ ચેકિંગ કરવા જાવ છો?

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાપાલિકાની જનરલ બોર્ડ મિટિંગમાં ટીપી પ્લોટ્સ અંગેની ચર્ચા ચાલી રહી હતી તેમાં પ્રશ્ન પૂછનાર કોર્પોરેટર દિલીપ લુણાગરિયાએ પાર્કિંગ હેતુના પ્લોટ તેમજ પે એન્ડ યૂઝના કોન્ટ્રાક્ટ અંતર્ગત અપાયેલા પ્લોટમાં હાલ ગેરકાનૂની કામો થઈ રહ્યા હોવાની ફરિયાદ ટીપીઓ આર.ડી.પરમાર સમક્ષ રજૂ કરી હતી, દરમિયાન પે એન્ડ યુઝ કોન્ટ્રાક્ટ હેઠળના પ્લોટ ટ્રાફિક એન્ડ ટ્રાન્સપોર્ટ સેલના કાર્યક્ષેત્ર હેઠળ આવતા હોય સિટી એન્જિનિયર પી.ડી. અઢિયાને જવાબ આપવા જણાવ્યું હતું. ત્યારબાદ આ મામલે સવાલોની તડાફડી બોલી હતી. ભાજપના કોર્પોરેટર દિલીપ લુણાગરિયા સાથે આ મુદ્દાની ચર્ચામાં ભાજપના કોર્પોરેટર કેતન પટેલ પણ જોડાઇ ગયા હતા અને તેમણે અધિકારીઓ અને ઈજનેરોને આડે હાથે એવો સવાલ કર્યો હતો કે શું તમે પોલીસ જેવી પધ્ધતિથી કામ કરો છો ? ફરિયાદ આવે તો જ દારૂ પકડવા જવાનો ? આ મામલે અનેક સવાલ જવાબ થયા બાદ હવેથી નિયમિત ચેકીંગ માટે ટીમ જશે તેવી ખાતરી અપાઈ હતી. આ ઉપરાંત પે એન્ડ યૂઝ પાર્કિંગનું પ્રીમિયમ ભરવામાં નિષ્ફળ ગયેલા બે કોન્ટ્રાક્ટરોને બ્લેક લિસ્ટેડ કરવામાં આવ્યા હોવાનું પણ જનરલ બોર્ડમાં જાહેર કરવામાં આવ્યું હતું. પાર્કિંગ હેતુના કુલ ૬૨ પ્લોટ હોવાનું અને તે પૈકી ૩૭ માં પે એન્ડ યુઝ અંતર્ગત પાર્કિંગ કોન્ટ્રાક્ટ અપાયાં હોવાનો જવાબ અધિકારીઓએ બોર્ડ સમક્ષ રજૂ કર્યો હતો.



### જનરલ બોર્ડની મિટિંગમાં ટીપીઓનો જવાબ

# કાલાવડ રોડ સહિત 44 જેટલા રોડ પહોળા કરવાનું પ્લાનિંગ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાપાલિકામાં આજે મળેલી જનરલ બોર્ડ મિટિંગમાં પ્રશ્નકાળના પ્રથમ ક્રમે ભાજપના કોર્પોરેટર દિલીપ લુણાગરિયાએ ટીપી બ્રાન્ચને લગતા કુલ ત્રણ પ્રશ્નો પૂછ્યા હતા જેમાં ટીપી પ્લોટ્સ બાદ બીજા પ્રશ્નમાં રાજકોટના મુખ્ય રસ્તાઓ પહોળા બનાવવા માટે મનપાએ ક્યાં રસ્તાઓની પસંદગી કરી છે, છેલ્લા ત્રણ વર્ષમાં તે રસ્તાઓ ઉપર શું કામગીરી કરવામાં આવી છે. દરેક રસ્તાઓ પહોળા કરવાના પ્રોજેક્ટ માટેની સમય મર્યાદા શું છે ? કેટલા રસ્તાઓ પહોળા કરવા માટે જમીન સંપાદન બાકી છે. આ જમીન સંપાદન પૂર્ણ કરવા શું કામગીરી કરાઇ છે ? શું આયોજન છે ? તેવા સવાલો પૂછતા ઇન્ચાર્જ ટીપીઓ આર.ડી.પરમારે જણાવ્યું હતું કે મોટા મવાથી શહેરની હદ સુધીનો કાલાવડ રોડ સહિત કુલ ૪૪ રોડ પહોળા કરવાનું આયોજન છે જે માટે લાઇન ઓફ પબ્લિક સ્ટ્રીટ મુકાઇ છે. ટીપીઓએ ઉપરોક્ત પ્રશ્નના પ્રત્યુતરમાં જણાવ્યું હતું કે રાજકોટ શહેરમાં કુલ ૪૪ રસ્તાઓ પહોળા કરવા માટે લાઇન ઓફ પબ્લિક સ્ટ્રીટ અંતર્ગત કાર્યવાહી હાથ ધરાઇ છે જેમાં હાલ સુધીમાં ૧૭ રોડ પહોળા કરવાની કામગીરી પૂર્ણ થઇ છે, જ્યારે ૨૭માં કાર્યવાહી ગતિશીલ છે અને તે પૈકીના બે રોડ મામલે કોર્ટ કેસ ચાલુ છે. ત્યારબાદ એલઓપી મૂકવામાં આવી હોય તે ૪૪ રસ્તાઓનું લિસ્ટ વાંચ્યું હતું જેમાં મોટામવાથી શહેરની હદ સુધીનો કાલાવડ રોડ, રેલવે જંક્શન સ્ટેશન રોડ, વિરાણી હાઇસ્કુલની પાછળનો રેલવે ટ્રેકને સમાંતર રોડ, સરદાર નગર શેરી નં.૩થી રેલવે ટ્રેક સુધીનો રોડ, વિરાણી હાઇસ્કૂલથી મોદી હાઇસ્કુલ સુધીનો રોડ, બાવીશી પ્લાયવુડથી ભક્તિનગર રેલવે સ્ટેશન પ્લોટ સુધીનો રોડ, ડો.દસ્તુર માર્ગ ઉપર રાજમંદિર ફાસ્ટ ફૂડ વાળી શેરીમાં એવીપીટીથી રેલવે ટ્રેક સુધીનો રોડ, શાસ્ત્રી મેદાનની ફરતેનો રોડ, કેનાલ રોડ, પેડક રોડ, સંત કબીર રોડ સહિતના રસ્તાઓ સમાવિષ્ટ હોવાનું વાંચન કર્યું હતું. આ લિસ્ટ લાંબુ હોય ચર્ચા અધવચ્ચેથી ટૂંકાવી હતી. આ પ્રશ્નના પેટા પ્રશ્નમાં ભાજપના કોર્પોરેટર કેતન પટેલે પેટા પ્રશ્ન પૂછ્યો હતો કે ટીપી રોડ નેટવર્કમાં ટીપી મંજૂર થયા બાદ કોઈ રોડ ઉપર લાઇન ઓફ પબ્લિક સ્ટ્રીટ મૂકી શકાય કે કેમ ? જેના પ્રત્યુતરમાં ટીપીઓએ જણાવ્યું હતું કે, તે માટે સ્કિમ વેરિડ કરવી પડે અને પછી જમીન કપાતના વળતર પેટે જમીન આપી શકાય નહીં. કેતન પટેલે બીજો પેટા પ્રશ્ન પૂછ્યો હતો કે જમીન કપાતના વળતર પેટે જમીન સામે જમીન આપવાનું અન્ય ક્યાં અમલી છે ? તેના પ્રત્યુતરમાં ટીપીઓએ જણાવ્યું હતું કે સમગ્ર ગુજરાત રાજ્યમાં જમીન કપાતના વળતર પેટે જમીન સામે જમીન આપવાનું એક માત્ર રાજકોટ શહેરમાં જ અમલી છે, અન્યત્ર જમીન કપાતના વળતર પેટે એફએસઆઈ (ફ્લોર સ્પેસ ઇન્ડેક્સ) કે ટીડીઆર ( ટ્રાન્સફરેબલ ડેવલપમેન્ટ રાઇટ્સ) જ આપવામાં આવતા હોય છે.

## સુરત ડિમોલિશનમાં હાઈકોર્ટ લાલઘૂમ

# મ્યુ. કમિશનર હજુ હોદ્દા ઉપર કેમ?

■ રાજ્ય સરકાર હાઈકોર્ટની આંખમાં ધૂળ નાખવાનો પ્રયાસ ના કરે

■ જેના આદેશથી ડિમલીશન થયું તે જ તપાસ કમિટીની રચના કરે છે !

## નાના કર્મચારી સસ્પેન્ડ થયા તો કમિશનર કેમ નહીં ?






### સુરત મહાપાલિકાએ ખાનગી માણસોના હિતમાં કામ કર્યુ : હાઈકોર્ટ

**સિટી ન્યૂઝ@સુરત**

સુરતના નાસીરનગર વિસ્તારમાં થયેલા ગેરકાયદે ડિમોલીશન મામલે આજે (૨૦ જુલાઈ)એ હાઈકોર્ટમાં યોજાયેલી સુનાવણીમાં કોર્ટે રાજ્ય સરકાર અને સુરત મ્યુનિસિપલ કમિશરની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી વેધક સવાલો કર્યા હતા. કોર્ટે કહ્યું હતું કે,રાજ્ય સરકાર હાઈકોર્ટની આંખમાં ધૂળ નાખવાનો પ્રયાસ ન કરે. ગેરકાયદે ડિમોલીશન મામલે નાના કર્મચારીઓ સસ્પેન્ડ થયા તો મ્યુ. કમિશનર તેના હોદા પર કેવી રીતે રહી શકે?

સુરત નાસીરનગર ડિમોલિશન મુદ્દે ૨૬ અરજદારો દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. જેમાં રાજ્ય, SMC, સુરત પોલીસ કમીશ્નર, SOG ના DCP રાજદીપસિંહ નકુમ, ખાનગી બિલ્ડર, પોલીસ અને SMCના કર્મચારીઓ તેમજ ટોરેન્ટ પાવરને પક્ષકાર બનાવવામાં આવ્યા છે. કોર્ટે કહ્યું હતું કે, આ ઘટનામાં SMC કમિશ્નરના મોબાઈલ નંબરની સ્પષ્ટ હાજરી છે. ઉલ્લેખનીય છે કે આ મુખ્ય અરજીમાં SMCના એક્ઝિક્યુટિવ એન્જિનિયર સુજલ પ્રજાપતિના વકીલે પણ રજૂઆત કરી હતી. તેઓએ કહ્યું હતું કે SMC કમિશ્નરે તેમના કામની પ્રશંસા કરી હતી અને મોટા દબાણ ઉપર નજર રાખવા કહ્યું હતું. કોર્ટે કહ્યું હતું કે, SMC કમિશ્નરનો મેસેજ એફિડેવિટ ઉપર મુકાયો છે. આક્ષેપ મૂકનાર SMCના સસ્પેન્ડેડ કર્મચારી છે. તેને એફિડેવિટમાં ચોખ્ખું કહ્યું છે કે તેને SMC કમિશ્નરના કહેવાથી ડિમોલિશન કર્યું છે. શું તે હાઈકોર્ટમાં ખોટી એફિડેવિટ કરશે?

એડવોકેટ જનરલે SMC એક્ઝિક્યુટિવ એન્જિનિયરની વિશ્વનીયતા માનવા ઈનકાર કર્યો હતો. તેઓએ કહ્યું હતું કે એક્ઝિક્યુટિવ એન્જિનિયર રોડના કામ સાથે સંકળાયેલા છે, તેઓને ડિમોલિશન સાથે શું લેવાદેવા ?SMC કમિશ્નર આ બધા આક્ષેપ નકારી નાખશે. કોર્ટે કહ્યું હતું કે, રાજ્ય સરકાર કોર્ટની આંખમાં ધૂળ નાખી રહી છે. કોર્ટને રાજ્યની કમિટીની રચના સામે વાંધો નથી, પણ કમિટી શેની તપાસ કરવાની છે તે જ સ્પષ્ટ નથી. SMC કમિશ્નર ઉપર આક્ષેપ છે, તો તેમનો ખુલાસો કેમ માંગ્યો નહીં ? નાના કર્મચારીઓ હોય તો સસ્પેન્ડ કરી દેવાય છે.

### સુરત ડિમોલિશન મામલે ગુજરાત હાઈકોર્ટ સખ્ત

- હાઈકોર્ટઃ SMC કમિશનરે પોતાના હોદ્દા પર અત્યાર સુધી શું કર્યું છે?
- હાઈકોર્ટઃ પાવર ધરાવતા આક્ષેપિત વ્યક્તિ હોદ્દા પર હોય ત્યાં સુધી નિષ્પક્ષ તપાસ કેમ થાય?
- હાઈકોર્ટઃ SMC કમિશરે હાઈકોર્ટમાં એફિડેવિટ કરી છે, તેને યોગ્યતા હોય આપવું જોઈએ.
- હાઈકોર્ટઃ જેના આદેશથી આ ડિમોલિશન થયું તે જ તપાસ કમિટીની રચના કરે છે!
- હાઈકોર્ટઃ નાના કર્મચારી SMC કમિશનર પર આક્ષેપ કરતી હાઈકોર્ટમાં ખોટી એફિડેવિટ કરવાની હિંમત કરે નહીં.
- હાઈકોર્ટઃ રાજ્ય પણ તટસ્થ અભ્યાસના નામે કોર્ટની આંખમાં ધૂળ ન નાખે.
- હાઈકોર્ટઃ રાજ્ય કેમ જાતે કાર્યવાહી નથી કરતા માંગતું, કોને બચાવવા માંગે છે?
- હાઈકોર્ટઃ કોર્ટ રાજ્ય ચલાવતી નથી, રાજ્યને ખબર પડી કે ૧૫૦ ઘર તોડી પડાયા હોવા છતાં કોઈ કાર્યવાહી વગર, શું આ મોટી વાત નથી?
- હાઈકોર્ટઃ જો આક્ષેપિત વ્યક્તિ હોદ્દા ઉપર હોય તો લોકોને ન્યાયની ભાવના ક્યાંથી આવશે? શું SMC કમિશર સામેના આક્ષેપો ગંભીર નથી?
- હાઈકોર્ટઃ પુનર્વસન રાજ્ય અને લોકોના ભર્યે નહીં, દોષિતોના ભર્યે કરો.

### રાજકોટમાં બોગસ સ્કૂલોનાં મસમોટા નેટવર્કનો કોંગ્રેસે ભાંડાફોડ કર્યો

# રાજકોટ DEO ક્યાં છે ?

## અંબિકા વિદ્યાલયનું પ્રાથમિક વિભાગ પ્રીમિયર સ્કૂલમાં ધમધમતું હોવાનો આરોપઃ રોહિતસિંહ રાજપૂતની શિક્ષણ અધિકારીને રજૂઆત








**સિટી ન્યૂઝ@રાજકોટ**


રાજકોટમાં વધુ એક ખાનગી શાળા સામે શિક્ષણ વિભાગના નિયમોના ભંગનો ગંભીર મુદ્દો સામે આવ્યો છે. કોંગ્રેસના વિદ્યાર્થીનેતા રોહિતસિંહ રાજપૂતે જિલ્લા શિક્ષણ અધિકારીને લેખિત રજૂઆત કરીને શ્રી અંબિકા વિદ્યાલય દ્વારા મંજૂરીના સ્થળે નહીં પરંતુ અન્ય સ્થળે શાળા ચલાવવામાં આવી રહી હોવાનો આક્ષેપ કર્યો છે અને સમગ્ર મામલે ઉચ્ચસ્તરીય તપાસની માંગ કરી છે.રજુઆતમાં જણાવ્યા મુજબ, શિક્ષણ વિભાગ દ્વારા શ્રી અંબિકા વિદ્યાલયના પ્રાથમિક સેકશનને ૮૦ ફૂટ રોડ, કોઠારિયા કોલોની, સોરઠીયા સર્કલ નજીક આવેલા સ્થળ માટે માન્યતા આપવામાં આવી હતી. જોકે હાલમાં શાળાનું પ્રાથમિક વિભાગ યુનિવર્સિટી રોડ પર આવેલી "પ્રીમિયર સ્કૂલ" ખાતે કાર્યરત હોવાનું સામે આવ્યું છે. રજૂઆતમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે સ્થળફેર માટે જિલ્લા શિક્ષણ વિભાગની પૂર્વ મંજૂરી લીધા વગર જ અન્ય સ્થળે શાળા ચલાવવામાં આવી રહી છે.કોંગ્રેસે જિલ્લા શિક્ષણ અધિકારીને સોંપેલી રજૂઆતમાં વધુ એક ગંભીર મુદ્દો ઉઠાવ્યો છે. રજૂઆત મુજબ, વિદ્યાર્થીઓના U-DISE રેકોર્ડ માં હજુ પણ મંજૂરી મળેલા મૂળ સ્થળની શાળાનું નામ અને સરનામું દર્શાવવામાં આવે છે, જ્યારે વાસ્તવમાં વિદ્યાર્થીઓ અન્ય સ્થળે અભ્યાસ કરી રહ્યા હોવાનું જણાવાયું છે. આ બાબતના દસ્તાવેજી પુરાવા પણ રજૂઆત સાથે જોડવામાં આવ્યા હોવાનું જણાવાયું છે.




રજૂઆતમાં વધુ એક ચોંકાવનારો મુદ્દો પણ સામે લાવવામાં આવ્યો કે વિદ્યાર્થીઓને આપવામાં આવતા લિવિંગ સર્ટિફિકેટમાં શ્રી અંબિકા વિદ્યાલયનું સરનામું "કેરાલા પાર્ક" દર્શાવવામાં આવે છે, જ્યારે શિક્ષણ વિભાગના સરકારી રેકોર્ડ મુજબ શાળાની મંજૂરી ૮૦ ફૂટ રોડ, કોઠારિયા કોલોની, સોરઠીયા સર્કલ નજીકના સ્થળની છે. સરકારી દસ્તાવેજમાં આ પ્રકારની વિસંગતતા અત્યંત ગંભીર હોવાનું જણાવતાં કોંગ્રેસે આને વિદ્યાર્થીઓના શૈક્ષણિક રેકોર્ડ સાથેની ગંભીર છેડછાડ ગણાવી છે. રજૂઆતમાં જણાવાયું છે કે ભવિષ્યમાં કોઈ વિદ્યાર્થીનું લિવિંગ સર્ટિફિકેટ ખોવાઈ જાય અને ડુપ્લિકેટ મેળવવા દર્શાવેલા સરનામે પહોંચે અથવા વિદેશ અભ્યાસ સહિતના હેતુસર એમ્બેસી કે અન્ય સત્તાવાર વેરિફિકેશન થાય તો વિદ્યાર્થીઓને ગંભીર મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. તેથી આ સમગ્ર મુદ્દાની ઊંડાણપૂર્વક તપાસ કરવાની માંગ કરવામાં આવી છે.

### RMCનાં ફાયર વિભાગને ખબર ન્હોતી બોલો !

## ન્યૂ ફ્લોરા સ્કૂલને ફાયર શાખાએ નોટિસ ફટકારી




ન્યૂ ફ્લોરા સ્કૂલને મનપાની ફાયર શાખાએ નોટિસ ફટકારીઃ રાજકોટના પેડક રોડ ઉપર આવેલી ન્યૂ ફ્લોરા સ્કૂલ મામલે કોંગ્રેસના ઝોનલ પ્રવક્તાએ સવાલો ઉઠાવ્યા બાદ અહીં ફાયર NOC ન હોવા મામલે મહાનગરપાલિકાના ફાયર બ્રિગેડ વિભાગ દ્વારા નોટિસ ફટકારવામાં આવી છે. આ સાથે સ્કૂલની મંજૂરીનો પ્લાન માંગવામાં આવ્યો છે. હાલ આ સ્કૂલ છેલ્લા બે વર્ષથી સાડીના કારખાનામાં પતરાના શેડ ઊભા કરી ધમધમે છે અને અહીં ફાયર સેફ્ટીના અભાવે ૪૫૦ વિદ્યાર્થીઓ પર જીવનું જોખમ ઊભું થયું છે.

# આજે 93 તાલુકાઓમાં વરસાદ નોંધાયો વલસાડમાં 4 ઈંચ વરસાદ



# ગુજરાતમાં વરસાદની ત્રણ ખતરનાક સીસ્ટમ!

## સૌરાષ્ટ્રમાં મધ્યમ વરસાદની સંભાવના

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

ગુજરાતમાં હાલમાં એકસાથે ત્રણ શક્તિશાળી વરસાદી સિસ્ટમ સક્રિય થતાં ચોમાસું ફરી જામ્યું છે, જેના ભાગરૂપે આજે સવારે ૬થી બપોરે ૨ વાગ્યા સુધીમાં રાજ્યના ૯૩ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે, જેમાં વલસાડમાં સૌથી વધુ ૩.૫ ઈંચ વરસાદ ખાબક્યો છે. હવામાન વિભાગે આગામી ૭ દિવસ સાર્વત્રિક વરસાદની આગાહી સાથે આજે નવસારી અને વલસાડ માટે ઓરેન્જ અલર્ટ જાહેર કર્યું છે, તેમજ દરિયામાં ભારે પવન ફૂંકાવાની શક્યતાને પગલે માછીમારોને ૪ દિવસ દરિયો ન ખેડવા કડક સૂચના આપી છે. રાજ્યમાં અત્યાર સુધી ચોમાસાની સીઝનમાં ૩૩% વરસાદની ઘટ પ્રવર્તી રહી છે, ત્યારે આ નવો રાઉન્ડ શરૂ થતાં મહીસાગર સહિતના પંથકોમાં ખેડૂતોમાં આશાની કિરણ જાગી છે. દરમિયાન, દક્ષિણ ગુજરાતના ખરાબ હવામાન અને દમણ એરપોર્ટ પર આધુનિક લેન્ડિંગ સિસ્ટમ (ILS)ના અભાવે દિલ્હી-દમણની એલાયન્સ એરની ફ્લાઇટને અમદાવાદ ડાયવર્ટ કરી દિલ્હી પરત મોકલવી પડી હતી. ત્રણ વરસાદી સિસ્ટમ સક્રિય, ભારે વરસાદની સંભાવના હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માના જણાવ્યા અનુસાર, હાલમાં દક્ષિણ-પશ્ચિમ રાજસ્થાન પર એક સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે, જે સમુદ્રની સપાટીથી ૩.૧થી ૪.૫ કિમીની ઊંચાઈ વચ્ચે બનેલું છે. આ ઉપરાંત, એક મોનસૂન ટ્રફ રાજસ્થાનના ગંગાનગરથી થઈને ઉત્તર-પૂર્વ બંગાળની ખાડી સુધી લંબાયેલું છે. બંગાળની ખાડીમાં પણ એક નવું સાયક્લોનિક સર્ક્યુલેશન સર્જાયું છે, જ્યાંથી નીકળતો એક ટ્રફ દક્ષિણ છત્તીસગઢ, દક્ષિણ ઓડિશા, તેલંગાણા, મધ્ય મહારાષ્ટ્ર, મરાઠવાડા અને દક્ષિણ ગુજરાત થઈને ઉત્તર-પૂર્વ અરબી સમુદ્રની સપાટીથી ૫.૮ કિમી ઉપર વિસ્તરેલો છે. આ વિવિધ હવામાન સિસ્ટમના સંયુક્ત પ્રભાવને કારણે આગામી ૭ દિવસ દરમિયાન ગુજરાતના જુદા-જુદા વિસ્તારો તેમજ સૌરાષ્ટ્ર અને કચ્છમાં કેટલાક સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની સંભાવના સેવાઈ રહી છે. આજે નવસારી-વલસાડમાં ઓરેન્જ, ૨૬ જુલાઈ સુધીની આગાહી વરસાદની તીવ્રતા અંગે, આજના દિવસ માટે નવસારી અને વલસાડ જિલ્લામાં અત્યંત ભારે વરસાદની આશંકાને પગલે ઓરેન્જ અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે ૨૧ અને ૨૨ જુલાઈના રોજ દક્ષિણ ગુજરાતના ભાગોમાં ભારે વરસાદની સંભાવના સાથે યલો અલર્ટ આપવામાં આવ્યું છે. ચોમાસાના આગામી ૨૫ અને ૨૬ જુલાઈના રોજ મધ્ય અને ઉત્તર ગુજરાતના ભાગોમાં વરસાદી એક્ટિવિટિમાં વધારો જોવા મળશે. જેમાં ૨૫ જુલાઈએ દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર અને અરવલ્લીમાં તેમજ ૨૬ જુલાઈએ દાહોદ, પંચમહાલ, મહીસાગર, અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ભારે વરસાદ થઈ શકે છે. આ જ સમયગાળા દરમિયાન અમદાવાદ અને ગાંધીનગરમાં પણ હળવાથી મધ્યમ વરસાદની અપેક્ષા છે. આગામી ૭ દિવસ સુધી રાજ્યમાં તાપમાન સામાન્યની આસપાસ જ જળવાઈ રહેશે અને તેમાં કોઈ મોટો ફેરફાર નહીં થાય. વલસાડ જિલ્લાના પારડીમાં ૪ ઈંચ વરસાદ, બે રેલવે અંડર પાસ બંધ વલસાડ જિલ્લામાં મેઘરાજા મન મૂકીને વરસ્યા છે. બપોરના ૨ વાગ્યા સુધીમાં વલસાડ- પારડીમાં ૩.૫ ઈંચ વરસાદ વરસ્યો છે.

### દેશના 70% ભાગમાં વરસાદી વાદળો છવાયા

## કાશ્મીરમાં પૂરમાં 11નાં મોત વૈષ્ણોદેવી યાત્રા સ્થગિત



### 25 જુલાઈ સુધી વરસાદનું એલર્ટ : ઉત્તરાખંડમાં ભૂસ્ખલન : કેદારનાથ હાઈ વે બંધ

ઇસરોની સેટેલાઇટ તસવીરો અનુસાર, દેશના લગભગ ૭૦% વિસ્તારમાં ચોમાસાના વાદળો છવાયેલા છે. આગામી ૨૫ જુલાઈ સુધી ઉત્તર, પૂર્વ અને પૂર્વોત્તર ભારત સહિત દેશના ૬૦% થી વધુ વિસ્તારોમાં સારા વરસાદની સંભાવના છે. અત્યાર સુધી ચોમાસાનો વરસાદ સામાન્ય કરતાં ૨૪% ઓછો છે. રાજસ્થાનમાં ચોમાસા પર બ્રેક લાગ્યા બાદ ગરમી વધવા લાગી છે. બીકાનેર સંભાગના ત્રણ જિલ્લામાં રવિવારે તાપમાન ૪૧ ડિગ્રી સેલ્સિયસથી વધુ નોંધાયું હતું. રાજ્યભરમાં ક્યાંય પણ ભારે વરસાદ થયો નથી. હવામાન વિભાગે સોમવાર માટે રાજ્યના ૨૪ જિલ્લામાં વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું છે, જે આગામી ત્રણ દિવસ સુધી પ્રભાવી રહેશે. આ દરમિયાન તેજ પવનો સાથે આકાશી વીજળી પડવાની પણ ચેતવણી આપવામાં આવી છે. જમ્મુ-કાશ્મીરના રિયાસી જિલ્લામાં સતત ભારે વરસાદ બાદ સલાલ ડેમના તમામ દરવાજા ખોલી દેવામાં આવ્યા છે. જેના કારણે ચિનાબ નદીનું જળસ્તર વધી ગયું છે. પ્રશાસને નદી કિનારે રહેતા લોકોને સાવચેત રહેવા અને નદી-નાળાઓ પાસે ન જવા અપીલ કરી છે. જમ્મુ-કાશ્મીરના કટરામાં સતત ભારે વરસાદ અને ખરાબ હવામાનને કારણે વૈષ્ણોદેવી યાત્રા સતત બીજા દિવસે પણ સ્થગિત રહી. શ્રદ્ધાળુઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને પ્રશાસને યાત્રા પર પ્રતિબંધ ચાલુ રાખ્યો છે.

સિટી ન્યૂઝ
સૌરાષ્ટ્રનો ધબકાર...
20 JULY 2026, MONDAY




## સ્પેને 16 વર્ષ બાદ ફૂટબોલ વર્લ્ડકપ જીત્યો

# ફૂટબોલમાં સ્પેનનું રાજ 481 કરોડ મળ્યા

### ફાઈનલમાં આર્જેન્ટિનાને 1-0ની હરાવ્યું : ફેરાન ટોરેસે એકસ્ટ્રા ટાઈમમાં ગોલ ફટકાર્યો : આર્જેન્ટિનાને 318 કરોડ મળ્યા

**સિટી ન્યૂઝ@ન્યૂયોર્ક**

સ્પેને ૧૬ વર્ષ બાદ ફૂટબોલ વર્લ્ડ કપનું ટાઇટલ જીતી લીધું છે. ટીમે ન્યૂયોર્કના ન્યૂ જર્સી સ્ટેડિયમમાં રમાયેલી ફાઈનલમાં ૨૦૨૨ની ચેમ્પિયન આર્જેન્ટિનાને ૧-૦થી હરાવ્યું. સ્પેન માટે એક્સ્ટ્રા ટાઇમમાં ફેરાન ટોરેસે ગોલ કર્યો. આ સાથે જ સ્પેને ૨૦૧૦ પછી બીજી વખત ટ્રોફી પોતાના નામે કરી, ત્યારે ટીમે નેધરલેન્ડ્સને ૧-૦થી હરાવ્યું હતું.

મેચની નિર્ધારિત ૯૦ મિનિટ સુધી બંને ટીમ ગોલ કરી શકી નહોતી. પ્રથમ હાફમાં સ્પેનના લામિન યમાલ અને આર્જેન્ટિનાના કેપ્ટન લિઓનલ મેસ્સીને ગોલ કરવાની તકો મળી હતી, પરંતુ બંને તેનો ફાયદો ઉઠાવી શક્યા નહોતા. સમગ્ર મેચ દરમિયાન સ્પેને સતત એટેકિંગ રમત બતાવી હતી, જ્યારે આર્જેન્ટિનાના ગોલકીપર એમિલિયાનો માર્ટિનેઝે કેટલાક શાનદાર બચાવ કરીને ટીમને મેચમાં ટકાવી રાખી હતી. આર્જેન્ટિનાને ૯૦+૨મી મિનિટે મોટો ઝટકો લાગ્યો હતો. મિડફિલ્ડર એન્ઝો ફર્નાન્ડીઝે સ્પેનના ડિફેન્ડર પાઉ કુબાર્સી



પર ટેકલ કર્યો, જેના પછી રેફરીએ તેને સીધું રેડ કાર્ડ બતાવ્યું. આ કારણે આર્જેન્ટિનાએ આખા એક્સ્ટ્રા ટાઇમમાં ૧૦ ખેલાડીઓ સાથે રમવું પડ્યું હતું.

સ્પેનના યુવા ખેલાડી લામિન યમાલે આખી મેચમાં આર્જેન્ટિનાના ડિફેન્સ પર સતત દબાણ જાળવી રાખ્યું હતું. બીજી તરફ મેસ્સીએ પણ ઘણી વખત સ્પેનના બોક્સમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે ગોલ કરી શક્યો નહીં. ૪૧મી મિનિટે આર્જેન્ટિનાના લિસાન્ડ્રો માર્ટિનેઝ અને બીજા હાફની ૫૨મી મિનિટે લિએન્ડ્રો પારેડેસને પણ યેલો કાર્ડ બતાવ્યું હતું.

મેચની શરૂઆતથી જ સ્પેને બોલ પર પોતાનું નિયંત્રણ જાળવી રાખ્યું હતું. પ્રથમ હાફમાં તેની પાસે ૬૪% બોલ પઝેશન રહ્યું. ટીમે કેટલાય એટેક કર્યા. બીજી તરફ આર્જેન્ટિના પ્રથમ હાફમાં એક પણ શોટ લગાવી શક્યું નહીં. જોકે સ્પેનને કોઈ ગોલ મળ્યો નહોતો.

બીજા હાફમાં પણ સ્પેને સતત દબાણ બનાવ્યું હતું. આર્જેન્ટિનાએ પોતાનું ડિફેન્સ મજબૂત રાખ્યું અને ગોલ થતો અટકાવ્યો. આનો સૌથી મોટો શ્રેય આર્જેન્ટિનાના ગોલકીપર એમિલિયાનો માર્ટિનેઝને જાય છે, જેણે સતત શાનદાર બચાવ કર્યા. આ હાફમાં પણ ગોલ ન થયો અને મેચ એક્સ્ટ્રા ટાઇમમાં પહોંચી ગઈ.



# દેશભરમાં જીતની ઉજવણી




## હારનો ગૂસ્સો મેદાનમાં

# આર્જેન્ટિનાના ખેલાડીએ સ્પેનિશ સ્ટાર ખેલાડીને કોલર પકડી ખેંચ્યો

**સિટી ન્યૂઝ@ન્યૂયોર્ક**

ન્યૂ યોર્ક-ન્યૂ જર્સી સ્ટેડિયમમાં ૯૦ મિનિટ સુધી ચાલેલી તંગદિલી અને સંઘર્ષપૂર્ણ મેચ ગોલરહિત રહ્યા બાદ, ટોરેસે આખરે ૧૦૬મી મિનિટે મડાગાંઠ તોડી. ફોરવર્ડ નિકો વિલિયમ્સના હેડરને નિયંત્રિત કર્યો અને પછી આર્જેન્ટિનાના ગોલકીપર એમિલિયાનો માર્ટિનેઝને પાછળ છોડીને ડાબા પગથી જોરદાર શોટ માર્યો. આ સાથે, સ્પેને ડિફેન્ડિંગ ચેમ્પિયન આર્જેન્ટિનાને ૧-૦થી હરાવીને ટાઇટલ જીત્યું. સ્પેનના ફૂટબોલ વર્લ્ડ કપ વિજય પછી તરત જ, આર્જેન્ટિનાના



મિડફિલ્ડર લીએન્ડ્રો પેરેડેસ ઘણા સ્પેનિશ ખેલાડીઓ સાથે ઝપાઝપીમાં ઉતરી ગયા ત્યારે પરિસ્થિતિ ગરમ થઈ ગઈ. અંતિમ વ્હિસલ વાગ્યા પછી તરત જ લીએન્ડ્રો પેરેડેસ સ્પેનિશ ડિફેન્ડર એરિક ગાર્સિયા સાથે ઝપાઝપીમાં ફસાયેલા કેમેરામાં કેદ થયા. જ્યારે ગાર્સિયા સ્પેનની વર્લ્ડ કપ જીતની ઉજવણી કરી રહ્યો હતો, ત્યારે પેરેડેસ તેના પર ધક્કો મારી દીધો. પેરેડેસએ તેને બે વાર મુક્કા પણ માર્યા, અને જેમ જેમ ઝઘડો વધતો ગયો, ગાર્સિયાના સાથી, ગાવીએ તેમને અલગ કરવા અને તેના બાર્સેલોનાના સાથી સાથે સંકળાયેલી પરિસ્થિતિને શાંત કરવા માટે દરમિયાનગીરી કરી.

ગુસ્સે ભરાયેલા લીએન્ડ્રો પેરેડેસએ ગાવી તરફ હાથ ઊંચો કર્યો, પરંતુ આર્જેન્ટિનાના થિયાગો અલ્માડાએ દરમિયાનગીરી કરી અને સ્પેનિશ મિડફિલ્ડરને નીચે ધકેલી દીધો, જેનાથી તે પેરેડેસના સ્વિંગ હાથથી વાગ્યો નહીં. જોકે, અલ્માડાના પ્રયાસો છતાં, તણાવ વધ્યો અને પેરેડેસનો હાથ ગાવીના ચહેરા પર પડ્યો.


આ ઘટના આર્જેન્ટિનાના વર્લ્ડ કપ ટાઇટલ ડિફેન્સના દુઃખદ અંત પછીની થોડીવારમાં બની.




**ગોલ્ડન બૂટ એમ્બાપ્પે મેળવી ઈતિહાસ રચ્યો**

## બે વખત બૂટનો ખિતાબ જીતનાર વર્લ્ડનો પહેલો ખેલાડી બન્યો

ફીફા વર્લ્ડ કપ ૨૦૨૬ નો ગોલ્ડન બૂટનો ખિતાબ ફ્રાંસના સ્ટ્રાઈકર કિલિયન એમ્બાપ્પેએ પોતાના નામ કર્યો છે. કિલિયન એમ્બાપ્પેએ આ વખતના વર્લ્ડ કપમાં પોતાના નામે નવો ઈતિહાસ રચી દીધો છે. કિલિયન એમ્બાપ્પે દુનિયાનો પહેલો ખેલાડી બની ગયો છે જેણે વર્લ્ડ કપમાં બીજીવાર ગોલ્ડન બૂટ એવોર્ડ જીત્યો હતો. વર્લ્ડ કપ ૨૦૨૬ પહેલા ૨૦૨૨ માં પણ કિલિયન એમ્બાપ્પેને ગોલ્ડન બૂટ એવોર્ડ મેળવ્યો હતો.







## ક્લોઝિંગ સેરેમનીમાં શકીરા, જસ્ટિન બીબર, BTS સહિતનાઓએ પરફોર્મન્સ કર્યું

# જુગારીઓ ઉપર બાજ નજર !

### શું આ ક્લબની સ્થાનિક પોલીસને ખબર હતી?

## જૂનાગઢમાં હાઈપ્રોફાઈલ જુગારધામ પર SMCનો દરોડો

### 17 જુગારી ઝડપાયાઃ 3.47 લાખનો મુદ્દામાલ કબ્જે



## સ્થાનિક પોલીસને અંધારામાં રાખી સ્ટેટ મોનિટરિંગ સેલનો દરોડો

**સિટી ન્યૂઝ@જૂનાગઢ**

જૂનાગઢ તાલુકાના વડાલ ગામે ભરવાડપા વિસ્તારમાં રહેણાંક મકાનની બાજુમાં ચાલતા વરલી મટકા અને આંક ફરકના એક મોટા ગેરકાયદેસર જુગારધામ પર સ્ટેટ મોનીટરીંગ સેલ (SMC) એ સફળ દરોડો પાડ્યો છે. આ રેઈડ દરમિયાન પોલીસે જુગાર રમતા અને રમાડતા કુલ ૧૭ શખ્સોને રંગેહાથ ઝડપી લીધા છે, જ્યારે જુગારધામનો મુખ્ય માલિક અને પોરબંદરનો આંકડા કાપનાર શખ્સ સહિત ૩ આરોપીઓ ફરાર જાહેર કરાયા છે.પોલીસની આ કાર્યવાહીમાં જુગારના પટમાંથી તેમજ શખ્સો પાસે કુલ ૩,૪૭,૮૬૫/-નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે, જેમાં રૂ. ૧,૩૬,૬૬૫/-ની રકમ, ૧૪ નંગ મોબાઈલ ફોન, ૪ મોટરસાયકલ અને હિસાબ કરવા માટેના કેલક્યુલેટર તથા અન્ય સાહિત્યનો સમાવેશ થાય છે. સ્થાનિક પોલીસ તંત્રને અંધારામાં રાખીને કરવામાં આવેલી આ મોટી કાર્યવાહીથી જૂનાગઢ પંથકના જુગારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

સ્ટેટ મોનીટરીંગ સેલના ગુલાબસિંહ રૂમાલજી તરારને વડાલ ગામમાં મોટા પાયે જુગાર રમાતો હોવાની ચોક્કસ બાતમી મળી હતી. આ બાતમીના આધારે વડાલથી ભીયાદ રોડ પર આવેલા ભરવાડપા ઉપરવાસ વિસ્તારમાં એક રહેણાંક મકાનની બાજુમાં આવેલી ખુલ્લી જગ્યામાં ઓચિંતો દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસની આ કાર્યવાહીથી જુગારના અડ્ડા પર નાસભાગ મચી ગઈ હતી. ઘટનાસ્થળેથી બહારના વિસ્તારમાંથી આવેલા માણસો પૈસાની હાર-જીતનો વરલી મટકા અને આંક ફરકનો સંગઠિત જુગાર રમતા રંગેહાથ પકડાઈ ગયા હતા.પોલીસે ઘટનાસ્થળેથી જુગાર રમતા અને રમાડતા કુલ ૧૭ શખ્સોને આંકડા લખતા અને જુગારનો હિસાબ રાખતા ઝડપી લીધા હતા. આ જુગારધામ ચલાવનાર મુખ્ય સંચાલક અને પોરબંદર તરફ જુગારના આંકડાનું કટિંગ લેનાર અન્ય એક શખ્સ દરોડા દરમિયાન હાજર મળી આવ્યા ન હતા, જેથી પોલીસે તેમને ફરાર જાહેર કર્યા છે. આ ઉપરાંત તપાસ દરમિયાન અન્ય જે પણ શખ્સોના નામ વગેરે વિગતો ખુલશે તે તમામ સામે કાર્યવાહી કરવામાં આવશે. પોલીસે દરોડા દરમિયાન બાજુમાં આવેલા એક છાપરામાંથી દેશી દારૂના જથ્થા સાથે પણ એક શખ્સને ઝડપી પાડ્યો છે.આ સફળ દરોડા દરમિયાન પોલીસે જુગારના પટમાંથી તેમજ પકડાયેલા શખ્સોની અંગઝડતી કરતા કુલ રૂ. ૩,૪૭,૮૬૫/- નો અંદાજિત મુદ્દામાલ જપ્ત કર્યો છે. જેમાં જુગારના પટમાંથી અને અંગઝડતીમાંથી મળી આવેલી કુલ રોકડ રકમ રૂ. ૧,૩૬,૬૬૫/- કબ્જે કરાઈ છે.

### રેન્જ IGની ટીમે રેડ પાડી

## ટંકારામાં 9 જુગારી રંગે હાથ ઝડપાયાઃ 44.76 લાખનો મુદ્દામાલ જપ્ત

### મોરબી મહાપાલિકાના મહિલા કોર્પોરેટરના પતિનો વિલા નિકળ્યો





**સિટી ન્યૂઝ@જૂનાગઢ**

ટંકારાના ઘુનડા ગામની સીમમાં આવેલા વીકએન્ડ હોમ ઓમ વિલા બંગલો ખાતે રેન્જ આઈજીની ટીમે જુગારધામ પર દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન ૯ શખસને જુગાર રમતા ઝડપી પાડવામાં આવ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડા ૨૪.૩૦ લાખ સહિત કુલ ૪૪.૭૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.ત્યારે બંગલાના માલિકે મિત્રના મિત્રએ 'એન્જોય કરવા માટે બંગલે જવું છે' કહીને બંગલાની ચાવી લીધી હોવાનો બચાવ કર્યો હતો અને જુગાર બાબતે પોતે અજાણ હોવાનું જણાવ્યું હતું. બંગલો મહિલા કોર્પોરેટરના પતિના નામે છે. જે આઠ દિવસ પહેલા વેચી દીધો હાવો દાવો કર્યો છે.ઓમ વિલા બંગલા નંબર A-3માં જુગાર કચ્છ રેન્જ આઈજીની ટીમને ઘુનડા ગામની સીમમાં આવેલા ઓમ વિલા બંગલો નંબર A-3માં જુગાર રમાઈ રહ્યો હોવાની ચોક્કસ બાતમી મળી હતી. આ બાતમીના આધારે પોલીસે કાર્યવાહી કરી હતી. પોલીસે ૨૪,૩૦,૮૦૦ રોકડા, ૪૬,000ની કિંમતના નવ મોબાઈલ ફોન અને ૨૦ લાખની કિંમતની બે કાર સહિત કુલ ૪૪,૭૬,૮૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.જુગાર રમતા ઝડપાયેલા શખસોમાં હાર્દિકભાઈ લાભુભાઈ માકાસણા (ચરાડવા), જયેશભાઈ કાનજીભાઈ પડસુંબીયા (મોરબી), ઉત્તમભાઈ દલસુખભાઈ ધુમલીયા (મોરબી), નરોતમભાઈ વિરજીભાઈ ફેફર (મોરબી), અરવિંદભાઈ મોહનભાઈ ભીમાણી (ધ્રોલ), રાજેશભાઈ કરસનભાઈ ભીમાણી (નેસડાસુરજી), ચેતનભાઈ ધીરજલાલ ચીકાણી (મોરબી), જીગ્નેશભાઈ ડાયાભાઈ કાચરોલા (મોરબી) અને દેવશંકર હિમંતલાલ સીતાણી (મોરબી)નો સમાવેશ થાય છે.પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, જે બંગલામાં દરોડો પાડવામાં આવ્યો હતો તેનું વીજળી બિલ શૈલેષભાઈ લક્ષ્મણભાઈ માકાસણાના નામે છે. શૈલેષભાઈ મોરબી મહાપાલિકાના ૮ નંબરના વોર્ડના મહિલા કોર્પોરેટરના પતિ છે. કોર્પોરેટરના પતિએ આ અંગે કહ્યું કે, ૮ દિવસ પહેલાં જ બંગલો વેચી દીધો છે. ટંકારા પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે અને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.માલિક શૈલેષ માકાસણાએ જણાવ્યું હતું કે, ઓમ વિલાના જે બંગલામાં પોલીસ દ્વારા રેડ કરવામાં આવી છે, તે બંગલો મેં આઠ દિવસ પહેલાં જ વેચી નાખ્યો છે. જોકે, આર્થિક વ્યવહારો બાકી હોવાને કારણે હજુ દસ્તાવેજ થયો ન હોવાથી તેનો કબજો અમારી પાસે જ હતો. મારા પત્ની કુંદનબેન માકાસણા મોરબી મહાપાલિકા ના વોર્ડ નંબર ૮ના કોર્પોરેટર છે.



### ત્રિકોણ બાગ ખાતે ડૉ.રાજદીપસિંહ જાડેજાની આગેવાનીમાં વિરોધ પ્રદર્શન

# રાજકોટમાં મનપાની નિષ્ફળતા અને ભ્રષ્ટાચાર સામે શહેર કોંગ્રેસના ધરણા

## ગંદુ પાણી, ખાડાયુક્ત રસ્તા અને અધૂરી પ્રિ-મોન્સૂન કામગીરીથી પ્રજા ત્રસ્તઃ પ્રાથમિક સુવિધાઓના અભાવે આક્રોશ; સ્માર્ટ સિટીના દાવા પોકળ

### મેગા ડિમોલિશનમાં ઐતિહાસિક ભ્રષ્ટાચારનો આક્ષેપ, SITનો રિપોર્ટ હજુ કેમ જાહેર ન કરાયો?



### "ભાજપના કોર્પોરેટરો ગાયબ, જ્યાં સુધી સુવિધા નહીં મળે ત્યાં સુધી કોંગ્રેસ લડશે": ડૉ. જાડેજા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા (RMC) માં દાયકાઓથી શાસન કરતા ભાજપની વહીવટી નિષ્ફળતા, સંવેદનહીનતા અને વ્યાપક ભ્રષ્ટાચારના વિરોધમાં આજરોજ રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા શહેરના હાર્દ સમાન ત્રિકોણ બાગ ખાતે એક ઉગ્ર અને આક્રમક ધરણા કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. શહેર કોંગ્રેસના પ્રમુખ ડૉ. રાજદીપસિંહ જાડેજાના સબળ નેતૃત્વ હેઠળ યોજાયેલા આ વિરોધ પ્રદર્શનમાં મોટી સંખ્યામાં કોંગ્રેસના હોદ્દેદારો, કાર્યકરો અને જનતા જોડાઈ હતી. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રજાના રોજિંદા અને જળવળતા પ્રશ્નોને વાચા આપવાનો તથા શાસક પક્ષ ભાજપ અને એસી ચેમ્બરોમાં બેસીને માત્ર કાગળ પર વિકાસના આંકડા દર્શાવતા મનપાના અધિકારીઓના બહેરા કાન સુધી જનતાનો આક્રોશ પહોંચાડવાનો હતો. ધરણા દરમિયાન કોંગ્રેસના નેતાઓએ મનપાની કામગીરી પર આકરા પ્રહારો કરી સ્માર્ટ સિટીના દાવાઓના ધજાગરા ઉડાવ્યા હતા.

ચોમાસાની શરૂઆત થતાં જ દર વર્ષની જેમ આ વર્ષે પણ રાજકોટ મનપાની 'પ્રિ-મોન્સૂન કામગીરી' ની પોલ છતી થઈ ગઈ છે. કરોડો રૂપિયાના ટેન્ડરો બહાર પાડ્યા હોવા છતાં ગ્રાઉન્ડ લેવલ પર પરિસ્થિતિ અત્યંત દયનીય છે. કોંગ્રેસના આગેવાનોએ ગંભીર આક્ષેપ કર્યો હતો કે શહેરના અનેક પછાત અને પોશ વિસ્તારોમાં પણ લોકોના નળમાં ગંદુ, ડહોળું અને દુર્ગંધયુક્ત પીવાનું પાણી પહોંચી રહ્યું છે, જે સીધો રોગચાળાને આમંત્રણ આપી રહ્યું છે. એક તરફ ચોમાસામાં ડેન્ગ્યુ, મેલેરિયા અને હવે ચાંદીપુરા વાયરસ જેવા જીવલેણ રોગો વકરી રહ્યા છે, ત્યારે મનપાની આરોગ્યલક્ષી અને સફાઈ કામગીરી સંપૂર્ણપણે શૂન્ય સમાન છે.

શહેરના મુખ્ય માર્ગોથી લઈને આંતરિક રસ્તાઓ પર અસંખ્ય અને ભયજનક ખાડાઓ પડી ગયા છે. ડામરના બદલે રસ્તા પર ધૂળ અને કાદવ-કીચડ ઉડી રહ્યો છે, જેના કારણે વાહનચાલકોના વાહનોમાં નુકસાન થઈ રહ્યું છે અને રાહદારીઓ પારાવાર હાલાકી ભોગવી રહ્યા છે. કોંગ્રેસે ટોણો મારતા કહ્યું કે, એક તરફ શહેરમાં 'સ્વચ્છ રાજકોટ' અને 'સ્માર્ટ સિટી' ના મોટા મોટા હોર્ડિંગ્સ લાગેલા છે, અને તેની જ બરાબર નીચે અથવા સામે ઠેર-ઠેર કચરાના ગંજ અને ઉભરાતી ગટરો જોવા મળે છે. આ દ્રશ્યો સ્માર્ટ સિટીના ખોખલા દાવાઓની ખુલ્લેઆમ મજાક ઉડાવે છે.

તાજેતરમાં શહેરમાં થયેલા મેગા ડિમોલિશન અંગે કોંગ્રેસે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. શાસકો ભલે તેને ઐતિહાસિક કામગીરી ગણાવતા હોય, પરંતુ કોંગ્રેસનો સ્પષ્ટ આક્ષેપ છે કે આ કાર્યવાહીમાં ઐતિહાસિક ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો છે. તપાસ માટે SIT ની રચના માત્ર દેખાડા પૂરતી જ કરાઈ હતી. હજુ સુધી SIT નો રિપોર્ટ જાહેર કરવામાં આવ્યો નથી અને કોઈ ભ્રષ્ટાચારીઓ સામે કાયદાકીય પગલાં લેવાયા નથી.

આ પ્રસંગે શહેર કોંગ્રેસ પ્રમુખ ડૉ. રાજદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, "રાજકોટની જનતાએ ભાજપ પર ભરોસો મૂક્યો હતો, પરંતુ આજે શહેરની સ્થિતિ અત્યંત દયનીય બની ગઈ છે. ચૂંટણી દરમિયાન મોટા વચનો આપનાર ભાજપના કોર્પોરેટરો આજે પોતાના જ વોર્ડમાંથી ગાયબ થઈ ગયા છે. આજે જનરલ બોર્ડની બેઠકમાં પણ કોંગ્રેસ દ્વારા પ્રજાલક્ષી પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. રાજકોટના લોકોને શુદ્ધ પીવાનું પાણી, સારા રસ્તાઓ અને પાયાની સુવિધાઓ નહીં મળે ત્યાં સુધી કોંગ્રેસ પક્ષ સતત લડત આપશે."

આ વિરોધ પ્રદર્શનમાં ડૉ. હેમાંગ વસાવડા, જસવંતસિંહ ભટ્ટી, ડી. પી. મકવાણા, મહેશ રાજપૂત, અતુલ રાજાણી, સંજય અજુડિયા, મુકેશ ચાવડા, તુષાર નંદાણી સહિત મોટી સંખ્યામાં કોંગ્રેસના હોદ્દેદારો, કાર્યકરો અને જાગૃત નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## રાજ્યસભાના સાંસદોએ બે વર્ષમાં કેટલો ખર્ચ કર્યો

# સાંદોએ બે વર્ષમાં 151 કરોડ ભથ્થા મુસાફરીમાં વાપર્યા

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**



છેલ્લા બે નાણાકીય વર્ષ, ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬ દરમિયાન, રાજ્યસભાના તમામ વર્તમાન સભ્યોના પગાર, ભથ્થાં અને વિવિધ સુવિધાઓ પાછળ રૂ.૨૬૨ કરોડથી વધુ ખર્ચ કરવામાં આવ્યો હતો. આમાંથી, રૂ.૧૫૧ કરોડથી વધુનો ખર્ચ ફક્ત ભથ્થાં અને મુસાફરી પાછળ થયો હતો. માહિતી અધિકાર (આરટીઆઇ) હેઠળ મળેલા જવાબમાં આ માહિતી બહાર આવી છે.

અહેવાલ અનુસાર, આરટીઆઈ દ્વારા જાણવા મળ્યું છે કે નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યસભાના સભ્યો પર સરકારી તિજોરીમાંથી રૂ.૯૮ કરોડથી વધુ ખર્ચ કરવામાં આવ્યો હતો, જ્યારે ૨૦૨૫-૨૬માં આ રકમ વધીને રૂ.૧૬૩ કરોડથી વધુ થઈ ગઈ હતી. આ આશરે રૂ.૬૫ કરોડનો વધારો દર્શાવે છે. આ ખર્ચમાં સ્થાનિક અને વિદેશી મુસાફરી, ઓફિસ ખર્ચ અને તબીબી બિલનો પણ સમાવેશ થાય છે.

આરટીઆઈ જવાબ મુજબ, વર્ષ ૨૦૨૪-૨૫માં રાજ્યસભાના સભ્યોએ પગાર પર રૂ.૨૫.૭૧ કરોડ, તબીબી બિલ પર રૂ.૮.૨૦ કરોડ, મુસાફરી ખર્ચ પર રૂ.૨૪.૯૯ કરોડ અને ભથ્થા પર રૂ.૩૩.૩૩ કરોડથી વધુ ખર્ચ કર્યા હતા. વર્ષ ૨૦૨૫-૨૬માં પગાર પર રૂ.૪૪.૬૦ કરોડ, તબીબી બિલ પર રૂ.૯.૬૦ કરોડ, મુસાફરી ખર્ચ પર રૂ.૩૬ કરોડ અને ભથ્થા પર રૂ.૫૮.૭૮ કરોડથી વધુ ખર્ચ કરવામાં આવ્યો હતો. રાજ્યસભા સચિવાલય દ્વારા આરટીઆઈ અરજદાર ચંદ્રશેખર ગૌર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીના જવાબમાં આ માહિતી પૂરી પાડવામાં આવી હતી. જવાબ મુજબ, રાજ્યસભાના સભ્યો ૨૧ અલગ અલગ શીર્ષકો હેઠળ લાભો અને ચુકવણીઓ માટે પાત્ર છે. આમાં મુખ્યત્વે પગાર, ભથ્થાં, સ્થાનિક અને વિદેશી મુસાફરી, તબીબી ખર્ચ અને ઓફિસ ખર્ચનો સમાવેશ થાય છે. અન્ય શીર્ષકોમાં પ્રિન્ટિંગ અને પ્રકાશનો, ડિજિટલ સાધનો, ઈંધણ અને લુબ્રિકન્ટ્સ, વ્યાવસાયિક સેવાઓ, સમારકામ અને જાળવણી, સબસિડી અને અન્ય મહેસૂલ ખર્ચનો સમાવેશ થાય છે. સરકાર આજે રાજ્યસભામાં એક બિલ રજૂ કરવા જઈ રહી છે, જે રાષ્ટ્રગીત, વંદે માતરમ ગાતી વખતે કોઈપણ વિક્ષેપ અથવા અનાદરને ગુનાહિત બનાવશે. રાષ્ટ્રીય સન્માનના અપમાન નિવારણ (સુધારા) બિલ, ૨૦૨૬ આજના રાજ્યસભાના કાર્યસૂચિમાં સામેલ કરવામાં આવ્યું છે અને ગૃહમંત્રી અમિત શાહ દ્વારા ઉપલા ગૃહમાં રજૂ કરવામાં આવશે. આ બિલ રાષ્ટ્રીય સન્માનના અપમાન નિવારણ અધિનિયમ, ૧૯૭૧માં સુધારો કરે છે. આ કાયદા હેઠળ, રાષ્ટ્રધ્વજ, બંધારણ અને રાષ્ટ્રગીત જેવા દેશના રાષ્ટ્રીય પ્રતીકોનો અનાદર અથવા અનાદર કરવો એ એક ફોજદારી ગુનો છે જેને ત્રણ વર્ષ સુધીની જેલની સજા થઈ શકે છે.

## નવો ભાવ પ્રતિ કિલો 90.02 રૂપિયા

# અદાણી CNGમાં બે રૂપિયાનો ભાવ વધારો

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

અદાણી સીએનજી દ્વારા ફરી એકવાર સીએનજીના ભાવમાં પ્રતિ કિલો ૨ રૂપિયાનો વધારો ઝીંકાયો છે. CNGનો નવો ભાવ પ્રતિ કિલો ૯૦ રૂપિયા પર પહોંચ્યો છે. ભાવ વધારાના કારણે CNG રિક્ષાચાલકો અને CNG વાહનધારકો પર ભારણ વધશે. નોંધનીય છે કે, અદાણી CNG દ્વારા વર્ષ ૨૦૨૬માં પ્રતિ કિલો CNGમાં કુલ ૧૦ રૂપિયાનો વધારો કરી દેવાયો છે. આ પહેલા ૨૭ મે, ૨૦૨૬ના રોજ પ્રતિ કિલો રૂપિયા ૨નો વધારો કરાયો હતો. ૩ મહિનામાં જ ફરીએકવાર ભાવમાં વધારો ઝીંકવામાં આવ્યો છે. સરકારે એક મહિના પહેલા ભાવ વધારો મંજૂર કર્યો હતો. પરંતુ, તેનું નોટિફિકેશન બહાર પાડ્યું ન હોય અમે ભાવ વધારો લઈ શકતા નથી. ત્યાં જ ફરી સીએનજીમાં ભાવ વધારો અમારા માટે તો પડ્યા પર પાટુ સમાન છે.

વાહનચાલકોને ફરી એક વખત મોંઘવારીનો મોટો ઝટકો લાગ્યો છે. અદાણી કંપની દ્વારા CNGના ભાવમાં પ્રતિ કિલો ૨ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. નવા ભાવ બાદ હવે




## 7 મહિનામાં CNGમાં 10 રૂપિયાનો વધારો થયો

અમદાવાદમાં CNGનો દર ૮૮.૨૦ રૂપિયાથી વધીને ૯૦.૨૦ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયો છે. છેલ્લા કેટલાક સમયથી CNGના ભાવમાં વારંવાર ફેરફાર જોવા મળી રહ્યો છે. અગાઉ થોડો ઘટાડો કર્યા બાદ ફરી સતત ભાવ વધારો કરવામાં આવતા CNG પર નિર્ભર લાખો વાહનચાલકોની ચિંતા વધી છે.

ખાસ કરીને રોજિંદી આવક પર નિર્ભર ઓટોરિક્ષા ચાલકો માટે આ વધારો વધુ મુશ્કેલી ઉભી કરનાર સાબિત થયો છે. ઈંધણ ખર્ચમાં વધારો થતાં તેમની આવક પર સીધી અસર પડી રહી છે.




## ગુજરાતના વાસદમાં બનેલી ઘટના

# બાળકીનું અપહરણ-દુષ્કર્મ કરી મોતને ઘાટ ઉતારનારનું એન્કાઉન્ટર

**સિટી ન્યૂઝ@વાસદ**

વાસદમાં સાડા ચાર વર્ષની માસૂમ બાળકીના અપહરણ કરી દુષ્કર્મ અને નિર્મમ હત્યા કેસના આરોપી સુરેશ પરમારને પોલીસ દ્વારા આત્મરક્ષણમાં કરાયેલા ફાયરિંગમાં ઠાર કરવામાં આવ્યો છે. બોરસદ રૂરલ પોલીસ દ્વારા આરોપીની બોચાસણથી ધરપકડ કરાયા બાદ જ્યારે LCBની ટીમ આરોપીને આણંદ લાવી રહી હતી, ત્યારે તેણે ઊલટી કરવાનું બહાનું કાઢીને વાહન રોકાવ્યું હતું અને અચાનક જ પોતાની પાસે છુપાવેલા ચપ્પુ વડે હુમલો કરીને બે પોલીસ કર્મચારીને ઈજાગ્રસ્ત કર્યા હતા.

PSI રાણાની વારંવારની ચેતવણી છતાં આરોપી ન અટકતાં પોલીસે સ્વ-બચાવમાં સરકારી ગ્લોક પિસ્તોલમાંથી ૬ રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું, જેમાં બે ગોળી વાગવાથી ગંભીર રીતે ઘાયલ થયેલા આરોપીનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. ફોરેન્સિક ટીમે તપાસ હાથ ધરીને ઘટનાસ્થળેથી ૬ ફૂટેલા કારતૂસ કબજે કર્યા છે. ઉલ્લેખનીય છે કે, આરોપીએ પુરાવાનો નાશ કરવા બાળકીને રેલવે ટ્રેક પર ફેંકી દેતા માસૂમની લાશના ત્રણ કટકા થઈ ગયા હતા. પેનલ ડોક્ટરો દ્વારા કરવામાં આવેલા પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં બાળકી સાથે દુષ્કર્મ થયાની પૃષ્ટિ થઈ છે.

### મોટી મારડમાં થયેલ ડબલ મર્ડરમાં પ્રેમ પ્રકરણ કારણભૂત

# પૂર્વ પ્રેમીએ પ્રેમિકા અને તેના પતિની કરી’તી હત્યા

## ત્રણ વર્ષથી પ્રેમ સંબંધ હોવા છતાં યુવતીએ લગ્ન નહિ કરતા આવેશમાં આવીને પાઈપના ઘા ઝીકી દીધા હતા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના પાટણવાવ તાલુકાના મોટીમારડ ગામે વાડીમાં પતિ અને પ્રેમિકાને સાથે જોઈ જતા પ્રેમીએ બંનેને પાઇપના ઘા મારી મોતને ઘાટ ઉતારી નાખવાની ઘટનાનો ભેદ ઉકેલાઈ ગયો છે. ડબલ મર્ડર કરનાર આરોપી પ્રેમીની ધરપકડ કરાઈ છે. ત્રણ વર્ષથી પ્રેમ સંબંધમાં રહેલી પ્રેમિકાના અન્ય વ્યક્તિ સાથે લગ્ન થઈ જતા પ્રેમી રોસે ભરાઈ ગયો હતો.

લગ્ન બાદ જ્યારે પ્રેમિકા પોતાના પિતાની વાડીએ પતિ સાથે આવી ત્યારે બાજુના ખેતરમાં ભાગીયા તરીકે કામ કરતો પ્રેમી ખેતરમાં દવા છંટકાવ માટે આવ્યો હતો અને ત્યારબાદ પ્રેમી સુરેશ બારીયાએ પ્રેમિકા અને તેના પતિને એક સાથે જોઈ જતા તેને હત્યાનો પ્લાન ઘડ્યો હતો. રાત્રિના સમયે પ્રેમિકા અને તેના પતિની ક્રૂરતા પૂર્વક હત્યા કરી નાખી હતી. જોકે પોલીસે આસપાસના પાંચ કિલોમીટરના ઘરો અને ૧૦ કિલોમીટરના સીસીટીવી કેમેરા ચકાસ્યા હતા, ત્યારબાદ ટેકનિકલ સોર્સ અને બાતમીના આધારે આરોપીની ધરપકડ કરી લીધી.રાજકોટ રૂરલ એસપી વિજયસિંહ ગુર્જરે જણાવ્યું હતું કે, રાજકોટ ગ્રામ્ય જિલ્લાના પાટણવાવ પોલીસ સ્ટેશનના મોટીમારડ ગામથી જુનાગઢ તરફના વાડી વિસ્તારમાં ૧૩ અને ૧૪ જુલાઈના રાત્રીના રમેશભાઇ ભૂતની વાડીમાં ભાગીયાના દીકરી અને જમાઈ હતા. ભાગીયા પોતાના કામથી



મધ્યપ્રદેશ ગયા હતા. બંને પતિ-પત્ની પર અજાણ્યા વ્યક્તિ દ્વારા માથા પર હુમલો કરવામાં આવ્યો હતો. જેને કારણે ઘટના સ્થળે જ બંનેનું મૃત્યુ થયું હતું. જેથી પાટણવાવ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.જે બાદ આ ગુનાનો ભેદ ઉકેલવા માટે પોલીસની અલગ અલગ ટીમો બનાવી તપાસ શરૂ કરી દેવામાં આવી હતી. હત્યા માટે જે હથિયારનો ઉપયોગ કરવામાં આવ્યો હતો તે પણ મળી આવ્યું ન હતું. જેથી આસપાસના પથી ૬ મીટરના ખેતરો અને વાડી વિસ્તારમાં તપાસ કરવામાં આવી. બનાવવાળી જગ્યાની આસપાસના પાંચ કિલોમીટરના ઘરોમાં ચેકિંગ કરવામાં આવ્યું. આસપાસના ૧૦ કિલોમીટરના વિસ્તારના સરકારી અને ખાનગી સીસીટીવી કેમેરા તપાસવામાં આવ્યા. આ સાથે જ એલસીબી અને પાટણવા પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા ટેકનિકલ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસ કરવામાં આવી. ત્યારબાદ ટેકનિકલ સોર્સ અને બાતમીના આધારે જાણવા મળ્યું હતું કે, જોકે પારિવારિક કારણોસર તેના લગ્ન મરણ જનાર સાથે થઈ ન શક્યા. દોઢ વર્ષ પહેલા મૃતક સાથે મહિલાના લગ્ન થયા હતા. મૃતકના પિતા મધ્યપ્રદેશ ગયા હતા ત્યારે બંને પતિ પત્નીને બહારથી બે વ્યક્તિઓને ખેતરમાં દવા છાંટવા માટે બોલાવ્યા હતા. જેમાંનો એક આરોપી સુરેશ હતો. દિવસમાં જ્યારે સુરેશે પોતાની પ્રેમિકા અને તેના પતિને સાથે જોયા તો તેનું ખાર રાખી રાત્રિના હુમલો કરવાનો પ્લાન ઘડ્યો અને ત્યારબાદ મજબૂત પાઈપ લઈને રાત્રિના સમયે પહોંચ્યો અને ત્યારબાદ સૌપ્રથમ રોહિત પર હુમલો કર્યો અને તેનું મોત નીપજાવ્યું અને ત્યારબાદ તેની પત્ની પર હૂમલો કરી મોતને ઘાટ ઉતારી દીધી.

# જમવા ગયેલા મિત્રએ ગાળો બોલતા લાકડીના ઘા ઝીંકી પતાવી દીધો

### માતાની હાજરીમાં ગાળો બોલતો હોય સમજાવવા છતાં ન અટકતા હુમલોઃ સુલતાનપુર પોલીસે કરી આરોપીની ધરપકડ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગોંડલ તાલુકાના ભંડારિયા ગામની સીમમાં જમતી વખતે ગાળો ભાંડી રહેલા મિત્ર પર એના જ મિત્રે લાકડીના ઘા મારી હત્યા નીપજાવી દેતા સુલતાનપુર પોલીસ મથકમાં આરોપી સામે ગુનો નોંધી સુલતાનપુર પોલીસે આરોપીની ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી કરી છે. પ્રાપ્ત વિગતો લાલાભાઈ ડાબસરા (રહે.વેકરી) રાત્રે ભંડારિયા ગામની સીમમાં આવેલા નિતિન રમણીકભાઈ મકવાણાની વાડીએ જમવા ગયો હતો. અહીં બંને મિત્રો સાથે બેસીને જમી રહ્યા હતા. આ દરમિયાન કોઈ કારણોસર લાલજી ગમે તેમ ગાળો બોલતો હતો. જમતી વખતે નિતિનની માતા પણ ત્યાં જ હાજર હોવાથી, નિતિને તેને ગાળો ન બોલવા સમજાવ્યો હતો. જોકે, લાલજીએ માનવાને બદલે નિતિનને પણ ગાળો આપવાનું ચાલુ રાખતા મામલો બિચક્યો હતો. ગાળો આપવાની બાબતે ઉશ્કેરાઈ ગયેલા નિતિન મકવાણાએ તુરંત જ લાકડી ઉઠાવી લાલજી પર માથા અને મોઢાના ભાગે આડેધડ ઘા ઝીંકી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. ગંભીર ઈજાઓને કારણે લાલજીનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું રાત્રે ૧૨-૩૦ વાગ્યાના અરસામાં મૃતકના સંબંધી પ્રફુલ ચાવડાએ મૃતકના ભાઈ જગદિશને ફોન કરીને જાણ કરી કંઈક માથાકૂટ થઈ છે અને તેને ગંભીર ઈજાઓ પહોંચી છે. પરિવારજનો જ્યારે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા ત્યારે લાલજી લોહીલુહાણ હાલતમાં મૃત હાલતમાં મળી આવ્યો હતો.



### પેન્ટ્રી કારના મેનેજરે બાથરૂમની છતમાં ગેસના દસ સિલિન્ડર સંતાડયા હતા

# શાલીમાર-પોરબંદર સુપર ફાસ્ટ ટ્રેનમાં રેલવે કોચમાંથી રાંધણ ગેસના બાટલા મળ્યા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શાલીમાર-પોરબંદર સુપરફાસ્ટ ટ્રેનના મુસાફરોના જીવ જોખમમાં નાખવાના ચોંકાવનારા કૃત્યનો પર્દાફાશ થયો છે રાજકોટ રેલવે સ્ટેશન પર આવેલી આ ટ્રેનના પેન્ટ્રી કારના મેનેજરે ગેરકાયદે રીતે સંતાડેલા રાંધણ ગેસના ૧૦ બાટલા રેલવે પોલીસે કબજે કરી ગુનો દાખલ કર્યો હતો.રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નંબર ૧ ઉપર શાલીમાર-પોરબંદર સુપરફાસ્ટ ટ્રેન આવતા રેલવે પોલીસ અને આરપીએફે નિયમ મુજબ માદક પદાર્થ અને દારૂ વગેરે બાબતે ચેકિંગ શરૂ કર્યું હતું તે વખતે એસ-૭ કોચ અને પેન્ટ્રી કાર વચ્ચે સામે આવેલા બાથરૂમની છતના ભાગે સંતાડેલા પાંચ કિલો વજનના રાંધણ ગેસના દસ બાટલા મળી આવ્યા હતા. જેથી પેન્ટ્રી કારના મેનેજર શિશુપાલસિંહ ગુર્જર (ઉ.વ.૪૩, રહે. મધ્યપ્રદેશ)ની પૂછપરછ કરતા કોઈ સંતોષકારક જવાબ આપી શક્યો ન હતો. વાસ્તવમાં પેન્ટ્રી કાર દ્વારા બહારથી તૈયાર જમવાનું મંગાવી મુસાફરોને આપવામાં આવે છે. આ સ્થિતિમાં ગેસના સિલિન્ડરની કોઈ જરૂર રહેતી નથી. પીએસઆઈ બી. જે. જાડેજાએ બીએનએસની કલમો, ભારતીય રેલવે એક્ટ અને એક્સપ્લોઝીવ એક્ટ હેઠળ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી છે.

### પીસીબીએ 17 સાગરીતો પાસેથી 34 હથિયાર-32 કાર્ટીસ જપ્ત કર્યા

# વેપન કાર્ટેલ ગેંગના વધુ 3 હથિયાર સાથે ત્રણ શખ્સોની કરી ધરપકડ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ પીસીબીએ હથિયારોની હેરાફેરી કરતી વેપન કાર્ટેલ ગેંગ ઉપર રીતસરની ધોંસ બોલાવી હોય તેમ વધુ ૩ સાગરીતોને ૩ હથિયાર સાથે ઝડપી લીધા છે રાજકોટ પીસીબીની ટીમે અત્યાર સુધીમાં વેપન કાર્ટેલ ગેંગના ૧૭ સાગરીતોની ધરપકડ કરી ૩૪ હથિયાર અને ૩૨ જીવતા કાર્ટીસ કબ્જે કર્યા છે.



રાજકોટ પીસીબી પીઆઇ એમ આર ગોંડલીયાની રાહબરીઆં પીએસઆઈ આર કે જાડેજા અને ટીમે મિર્ઝાપુરના મુખ્ય સપ્લાયર શકીલ સાદિક મન્સૂરી, જસદણના જયસુખ ઉર્ફે જેસો વલ્લભભાઈ વાઘેલા, ચોટીલાના ગાવસ્કર ઉર્ફે દર્શન ચંદ્રમૌલિક ઉર્ફે અનિલભાઈ રોજાસરા, અનિલ વીરાભાઇ ખેતરીયા અને પ્રદીપ અનકભાઈ કરપડાની ધરપકડ કરી ૧૦ દેશી પિસ્તોલ, ૫ દેશી કટ્ટા, ૧ દેશી રિવોલ્વર, ૩૦ જીવતા કાર્ટીસ કબ્જે કર્યા હતા તે પછી વડ વાજડીના સંદીપસિંહ પરમારને બે દેશી બનાવટની પિસ્ટલ સાથે, ગંજીવાડાના આરીફ ગફારભાઈ પઠાણને એક દેશી પિસ્ટલ સાથે અને વેલનાથપરામાં રહેતા જયપાલ રાજેશભાઈ ડેડાણિયાને ૨ પિસ્ટલ તથા બે જીવતા કાર્ટીસ સાથે ઝડપી લીધા હતા બાદમાં ધ્રુવ ઉર્ફે કનૈયો સુનિલગિરી ગોસ્વામી, ચોટીલાના જયરાજ ઉર્ફે લાલો પીઠુભાઈ ખાચર અને શ્યામ રાજુભાઈ પરમારની ધરપકડ કરી વધુ ૩ હથિયાર કબ્જે કર્યા હતા તે પછી અમરેલીના જીલુ ભુપતભાઇ બારૈયા અને ચોટીલાના ઋતુરાજ અનકભાઈ ખાચરને ઝડપી લઇ વધુ બે દેશી પિસ્ટલ અને બે દેશી કટ્ટા કબ્જે કર્યા હતા બાદમાં ગત શનિવારે થાનગઢના યશપાલસિંહને બે દેશી બનાવટની પિસ્ટલ અને એક દેશી કટ્ટા સાથે ઝડપી લીધા હતા તે પછી આ ગેંગ દ્વારા ઇસ્યુ કરાયેલા વધુ ૩ હથિયારો સાથે ૩ શખ્સોને પીસીબીએ ઝડપી લીધા છે પીસીબીની ટીમે ચોટીલાના ખેરડીના કિશોર ઉર્ફે ભગત વજાભાઇ કોબીયા, ચોટીલાના વિપુલ ઉર્ફે ભોલુ ભરતભાઈ સાંકળિયા અને રાજકોટની માલધારી સોસાયટીમાં રહેતા સાવન કેશુભાઈ ડાભીની ધરપકડ કરી છે.

# ચોટીલામાંથી બે પિસ્ટલ-ત્રણ કાર્ટીસ સાથે શખ્સની ધરપકડ

### રાજકોટ રેન્જની ટીમે બાતમી આધારે દબોચ્યોઃ પીસીબીમાં પકડાયેલા બોઘરાવદરના શખ્સે હથિયાર આપ્યા હતા

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ રેન્જની ટીમે ચોટીલામાંથી કાર સાથે નિકળેલા ખાખરાવાડી ગામના શખસને બે લોડેડ પિસ્ટલ અને ૩ કાર્ટીક સાથે રાજકોટ રેન્જની ટીમે ઝડપી લઈ તેની પાસેથી હથીયાર,કાર મોબાઈલ સહીત રૂ.૨૦.૮૦ લાખની મતા કબજે કરી પુછતાછ કરતા તાજેતરમાં રાજકોટ પીસીબીની ટીમે પકડેલા હથીયાર સપ્લાયરનું નામ ખુલતા વિશેષ કાર્યવાહી કરી છે.પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ ચોટીલાના આણંદપર રોડ પર કાર સાથે નિકળતા શખસ પાસે ગેરકાયદે હથીયાર હોવાની માહીતીના આધારે રાજકોટ રેન્જની ટીમના પીએસઆઈ મિયાત્રા સહીતની




ટીમે વોચ ગોઠવી શંકાસ્પદ ફોરચ્યુનર કાર ચાલકને અટકાવી તેની પુછતાછ કરતા તે ચોટીલાના ખાખરાવાડી ગામે રહેતો અને ખેતીકામ કરતો નૃપેન્દ્ર મહેન્દ્રભાઈ પટગીર હોવાનુ જણાવતા પોલીસે તેની તલાસી લેતા તેની પાસેથી લોડેડ બે દેશી બનાવટની પિસ્ટલ અને ૩ જીવતા કાર્ટીસ મળી આવતા તેની ધરપકડ કરી તેની પુછતાછ કરતા તેને આ હથીયાર છ માસ પુર્વે જશદણના બોધરાવદર ગામે રહેતો અને તાજેતરમાં પીસીબીએ હથીયારો સાથે પકડેલો જયસુખ વલ્લભ વાઘેલા પાસેથી લીધાનું રટણ કરતા પોલીસે જયસુખની પુછતાછ કરવાની કાર્યવાહી કરી છે.



# ચોરખાનામાં છુપાવેલા રૂપિયા 2.56 લાખનો દારૂ ઝડપાયો

### કાંગશિયાળીમાં LCBનો દરોડોઃ ડ્રાઈવર ઝબ્બે, 3 ફરારઃ 20.73 લાખની મતા કબજે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ જિલ્લા એલસીબીની ટીમે રાજકોટ-ગોંડલ હાઈવે ઉપર શાપર નજીક કાંગશિયાળી ગામની સીમમાંથી ટેમ્પોમાં ચોરખાનામાં છુપાવેલા રૂ.૨.૫૬ લાખના વિદેશી દારૂ સાથે મધ્યપ્રદેશના એક શખસને ઝડપી લઈ તેની પાસેથી રૂ.૨.૫૬ લાખની કિમતનો દારૂ,બે કાર સહીત રૂ.૧૬.૭૩ લાખની મતા કબજે કરી હતી. કાંગશિયાળી ગામની સીમમાં વિદેશી દારૂની હેરાફેરી થતી હોવાની માહિતીને આધારે એલસીબીના પીઆઈ રાવ, પીએસઆઈ ગોહીલ સહિતની ટીમે દરોડો પાડી મળી આવેલા શંકાસ્પદ ટેમ્પો ટ્રાવેલ્સની તલાસી લેતા તેના છતના ભાગે ચોરખાનામાં છુપાવેલી ૩૦૬ બોટલ વિદેશી દારૂ મળી આવી હતી. પોલીસે ચાલકની પુછતાછ કરતા તે મધ્યપ્રદેશના અલીરાજપુર પાસેના ઉતવલી ગામે રહેતો નિલેશ ઈસરીયા કલેશ હોવાનુ જણાવતા તેની ધરપકડ કરી હતી.


# જેલમાં નવા SP સાહેબ આવ્યા હતા તેઓ રાઉન્ડમાં નીકળ્યા, તેમણે ગોપાલને પુછ્યું બહુ કમાયો હોઈશ

સવારથી જેલમાં રોજ કરતાં થોડી વધારે દોડધામ હતી. જેલનો સ્ટાફ અહીંથી ત્યાં દોડી રહ્યો હતો. જેલમાં રોજ કરતાં વધારે સફાઈ થઈ રહી હતી. જેલનો ઝડતી સ્ક્વૉડ એક એક બેરેકની તપાસ કરી રહ્યો હતો. ગોપાલને થોડું અજુગતું લાગ્યું. તેણે વિરાંગને પૂછ્યું, "આજે જેલમાં શું છે?"વિરાંગે કહ્યું, "નવા એસ.પી. સાહેબ આવ્યા છે."પછી કંઈક યાદ કરીને કહ્યું, "વિનય દવે નામ છે. તે ડાયરેક્ટ આઈ.પી.એસ. અધિકારી છે. ગુજરાતની તમામ જેલો જેલ વિભાગના હસ્તક હોય છે. પરંતુ જેલ અધિકારીઓ ઉપર એક આઈ.પી.એસ. અધિકારીને મુકવામાં આવે છે. જેલમાં આવતા આઈ.પી.એસ. અધિકારી પણ જેલમાં થયેલા પોસ્ટિંગને સજા માનતા હોય છે. એટલે મોટા ભાગે જેલ એસ.પી. તરીકે આવતા આઈ.પી.એસ. અધિકારી પોતાની વગ વાપરીને શક્ય એટલી વહેલી બદલી કરાવીને જતા રહે છે."ગોપાલને તો હમણાં સુધી યાદ જ નહોતું કે, જેલ એસ.પી. કોણ છે? ગોપાલને પહેલી વખત ખબર પડી કે, જેલમાં જેલરની ઉપર એસ.પી. પણ હોય છે. આજે એસ.પી. સાહેબ રાઉન્ડ લેવાના હતા. એની તૈયારીઓ ચાલી રહી હતી. તમામ ઓફિસોને સૂચના મળી ગઈ હતી કે, ઑફિસમાં કામ કરતા કેદીઓએ પોતાની બેરેકમાં જ રહેવું. એસ.પી. રાઉન્ડ પૂરો કરે, પછી જ ઑફિસમાં આવવું. લગભગ દસ વાગ્યા હશે. ઑફિસ બેરેક તરફ એક સિપાહી દોડતો આવ્યો. તેણે બૂમ મારીને કેદીઓને કહ્યું, "લાઈનમાં ઊભા રહો."બધા કેદીઓ પોતાના કાર્ડ લઈને લાઈનમાં ઊભા રહી ગયા. પંદરેક મિનિટ પછી એસ.પી. દવે સાહેબ પોતાના કાફલા સાથે ઑફિસ બેરેકના યાર્ડમાં આવ્યા. તેમની સાથે સિનિયર જેલર સહિત બધા જ અધિકારીઓ હતા. એસ.પી. સાહેબે લાઈનમાં ઊભા રહેલા કેદીઓને ઉપરથી નીચે સુધી જોયા. બધા જ કેદીઓ જેલનાં સફેદ કપડાંમાં હતા. દરેકનાં માથા પર ટોપી હતી.ગોપાલ અને વિરાંગ સાથે જ ઊભા હતા. એસ.પી. સાહેબ એક પછી એક કેદીનું નિરીક્ષણ કરી રહ્યા હતા. કેદીએ આગળ ધરી રાખેલા કાર્ડ ઉપર તેમનું નામ અને કયા ગુનામાં છે, તેની આઈ.પી.સી. કલમ વાંચી રહ્યા હતા. મોટા ભાગના કેદી ખૂન, ખૂનનો પ્રયાસ, અપહરણ જેવા ગુનામાં જ હતા.ગોપાલનો




નંબર આવ્યો ત્યારે તેમણે આઈ.પી.સી. વાંચી અને કંઈક વિચાર કરવા લાગ્યા. બાજુમાં ઊભા રહેલા સિનિયર જેલરે તેમના કાન પાસે મોઢું લાવીને કહ્યું, "સર, આ ફેક કરન્સીમાં છે."ફેક કરન્સી શબ્દ સાંભળતાં એસ.પી. દવેના ચહેરા પર સ્મિત આવી ગયું. તેમણે ગોપાલ સામે જોયું અને પૂછ્યું, "તો તો ભાઈ, ઘણો માલ કમાયો હોઈશ!"ગોપાલને આ પ્રશ્ન ગમ્યો નહીં, પણ એસ.પી.નો પ્રશ્ન સાંભળીને પોલીસવાળા સહિત બધા કેદીઓ પણ હસવા લાગ્યા. ગોપાલને ગુસ્સો આવ્યો. તેણે ગુસ્સો વ્યક્ત કરતાં ધીમા અવાજે કહ્યું, "સાહેબ કમાવું તો હતું, પણ તે પહેલાં જ પકડાઈ ગયો."ગોપાલની વાત સાંભળીને કેદીઓ અને જેલ સ્ટાફને આઘાત લાગ્યો. કારણ, આ રીતે આજ સુધી કોઈએ એસ.પી.ને જવાબ આપ્યો નહોતો. ગોપાલનો જવાબ સાંભળી સિનિયર જેલર એકદમ ગુસ્સે થઈ ગયા. તેમણે બરાડીને કહ્યું, "ચૂપ રહે. સાહેબને સામે જવાબ આપે છે? ખટલો કરી દઈશ તારો."વાતાવરણ એકદમ સ્તબ્ધ થઈ ગયું. પણ એસ.પી.એ ગુસ્સે થયેલા જેલરને રોકતાં કહ્યું, "રહેવા દો."

તેમણે ગોપાલની આંખમાં જોયું અને પૂછ્યું, "કેટલું ભણ્યો છે?"ગોપાલ ડરી ગયો. તેણે પહેલાં તો સાથે રહેલા જેલ અધિકારીઓ સામે જોયું. પછી કહ્યું, "સાહેબ, એસ.એસ.સી."એસ.પી. કંઈક વિચાર કરવા લાગ્યા. તેમણે બધા કેદીઓ સામે જોયું. ગોપાલના જવાબ પછી એસ.પી.ના ચહેરાનો ભાવ બદલાયો નહીં. તે ગુસ્સે પણ થયા નહીં. વિરાંગને લાગ્યું કે, ગોપાલે ભૂલ કરી દીધી છે.એસ.પી. વિનય દવેએ કહ્યું, "જુઓ, મારું પોસ્ટિંગ અહીં થયું એ જ વખતે મેં સરકારને વિનંતી કરી છે કે, મને ઓછામાં ઓછા ત્રણ વર્ષ જેલમાં જ રહેવા દેજો. એટલે પહેલી વાત તો એ કે, હું અહીંયાથી ભાગી જવાના ઈરાદે આવ્યો નથી. બીજી વાત, હું જેલ એસ.પી. છું. જલ્લાદ નહીં. મારું કામ તમને પરેશાન કરવાનું નથી. તમે જે ભૂલ કરી છે, તેની સજા તમને કોર્ટે આપી દીધી છે. એટલે મારું કામ તમને સજા કરવાનું નહીં; પણ તમારાં જીવનમાં કેવી રીતે સુધારો થાય, એ જોવાનું અને તમને મદદ કરવાનું છે. મારી ઈચ્છા છે કે..."આટલું બોલીને તેમણે ગોપાલ સામે જોયું. પછી વાત આગળ વધારતાં કહ્યું, "તમે જેલમાં છો ત્યાં સુધી


પ્રશાંત દયાળ

ખૂબ ભણો. જેલને સજા માનવાને બદલે, ઈશ્વરે તમારાં જીવનમાં કંઈક સારું કરવાં તમને અહીં મોકલ્યા છે તેવું માનજો."સિનિયર જેલર સહિત તમામ અધિકારી એકબીજા સામે જોવા લાગ્યા. કારણ કે તેમણે પણ આ પ્રકારના એસ.પી. અત્યાર સુધી જોયા નહોતા. જેલનો સ્ટાફ તો માનતો હતો કે, કેદીઓને તો ત્રાસ જ આપવો જોઈએ. એટલે જેલસ્ટાફમાં સિપાહી હોય કે જેલર, બધા હમ અંગ્રેજ કે જમાને કે જેલર જેવા રોલમાં રહેતા હતા.એવામાં આ એસ.પી. કેદીઓનાં જીવનમાં સારું કરવા આવ્યો છું. તેવી વાત કરી રહ્યા હતા. એ વાત જેલ સ્ટાફને ખાસ પસંદ આવી નહીં. એસ.પી. વિનય દવેએ સિનિયર જેલર સામે જોયું. પછી કેદીઓ સામે જોતાં કહ્યું, "મેં જેલર પાસેથી વિગતો મેળવી છે. જેલમાં ઘણાબધા અભ્યાસક્રમ ચાલે છે. આંબેડકર યુનિવર્સિટી સહિત ઘણા કોર્સ ચાલે છે. હવે આપણે એક નવો કોર્સ શરૂ કરવા જઈ રહ્યા છીએ."આટલું કહીને તેઓ એક ક્ષણ અટક્યા ને પછી કેદીઓ સામે જોઈને પૂછ્યું, "તમે ન્યૂઝપેપર વાંચો છો?"મોટા ભાગના કેદીએ હા પાડી. તરત એસ.પી.એ બીજો પ્રશ્ન કર્યો, "તમે ન્યૂઝચેનલ જુઓ છો?"કેટલાક કેદીએ હા પાડી. પછી સ્મિત સાથે તેમણે પૂછ્યું, "બોલો, કોને કોને પત્રકાર થવું છે?"બધા કેદી એકબીજા સામે જોવા લાગ્યા. કારણ કે તેમને એસ.પી.નો આ પ્રશ્ન કયા સંદર્ભમાં છે, તેની ખબર પડી નહીં. એસ.પી. પણ કેદીઓની દ્વિધા સમજી ગયા. તેમણે કહ્યું, "ગુજરાત યુનિવર્સિટી જેલમાં પત્રકારત્વનો અભ્યાસક્રમ શરૂ કરવાની છે. ગુજરાતના જાણીતા પત્રકારો તમને ભણાવવા આવશે. બોલો, કોને પત્રકારત્વનો અભ્યાસ કરવો છે?"વિરાંગ અને ગોપાલે એકબીજા સામે જોયું. તેમની આંખોમાં ચમક હતી. એક સાથે ગોપાલ અને વિરાંગે હાથ ઊંચો કર્યો. એસ.પી. દવે સાહેબને ગોપાલ અને વિરાંગનો હાથ ઉપર થયેલો જોઈને સારું લાગ્યું. તેમણે કહ્યું, "૨ ઓક્ટોબરના રોજ ઓપનએર થિએટરમાં એક કાર્યક્રમ છે. તે જ દિવસથી આ અભ્યાસક્રમ શરૂ થશે. તમે જોડાઈ શકો છો." અભ્યાસક્રમની વાત કરીને એસ.પી.એ પૂછ્યું, "તમારામાંથી કોઈની કાંઈ અરજ છે?"ગોપાલે ખબર પડી નહીં. તેણે વિરાંગ સામે જોયું. વિરાંગે ધીમા અવાજે કહ્યું, "તારે કોઈ ફરિયાદ કે માગણી હોય તો કહે."ગોપાલે માથું હલાવી ના પાડી. જેલના નિયમ પ્રમાણે અઠવાડિયામાં એક વખત, એસ.પી.એ દરેક યાર્ડમાં રાઉન્ડ લેવો ફરજિયાત છે. જેમાં કેદી પોતાના પ્રશ્ન અને માગણી જેલ અધિકારીને કહી શકે છે; પણ હમણાં સુધી તો કોઈ અધિકારી રાઉન્ડમાં આવતા જ નહોતા. એસ.પી.એ કોઈને અરજ છે? એવું પૂછતાં, બે ત્રણ કેદીએ હાથ ઊંચા કર્યા. એસ.પી. તેમની પાસે ગયા અને તેમની અરજ સાંભળી. પછી સાથે રહેલા જેલરને જરૂરી સૂચના આપીને ત્યાંથી રવાના થયા. (ક્રમશ)

### સુરતની ચોંકાવનારી ઘટના


# બે બાળકોને છોડી મહિલા ભત્રીજા સાથે ફરાર



## પ્રેમલગ્ન કરનાર પતિની ગૃહમંત્રીને આજીજી સંતાનો માટે અપનાવવા તૈયાર



બાળકી બીમાર થતા મમ્મી-મમ્મી કહીને રડે છે




**સિટી ન્યૂઝ@સુરત**


સુરતના નાનપુરા વિસ્તારમાંથી એક ચોંકાવનારો પારિવારિક કિસ્સો સામે આવ્યો છે. લગ્નજીવનના ૧૨ વર્ષ બાદ બે સંતાનોની માતા પોતાના કૌટુંબિક ભત્રીજા સાથે ઘર છોડીને જતી રહી હોવાનું સામે આવ્યું છે. ઘટનાને પગલે પતિએ અઠવા પોલીસ સ્ટેશન, સુરત પોલીસ કમિશનર કચેરી અને રાજ્યના ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી સમક્ષ ન્યાય માટે રજૂઆત કરી છે.

માહિતી મુજબ, દંપતીને એક દીકરી અને એક દીકરો છે. છેલ્લા બે વર્ષથી પત્ની અને કૌટુંબિક ભત્રીજા વચ્ચે પ્રેમસંબંધ હોવાનું સામે આવ્યું હતું. પતિએ પત્નીને સમજાવ્યા બાદ પણ બંને સંપર્કમાં રહ્યા હતા. ૨૩ જૂને મહિલા ઘરેથી રોકડ રકમ અને દીકરીની ચાર જોડી સોનાની બુટ્ટી લઈને ભત્રીજા સાથે જતી રહી હોવાનું જાણવા મળ્યું છે.

આ ઘટનાના ત્રણ દિવસ બાદ પતિના પિતાનું અવસાન થતાં પરિવાર પર વધુ સંકટ ઊભું થયું હતું. પતિ હાલ બંને સંતાનોની સંભાળ રાખી રહ્યો છે. તેને આંખની ગંભીર તકલીફ હોવાથી માત્ર ૧૧થી ૧૨ હજાર રૂપિયાના માસિક પગારમાં ઘર ચલાવવું મુશ્કેલ બન્યું હોવાનું જણાવ્યું છે.

પીડિત પરિવારનું કહેવું છે કે અઠવા પોલીસ સ્ટેશનમાં રજૂઆત કરવા છતાં હજુ સુધી સંતોષકારક કાર્યવાહી થઈ નથી. સુરત પોલીસ કમિશનર કચેરીમાં રજૂઆત બાદ પણ તપાસમાં ખાસ પ્રગતિ ન થતાં ગૃહરાજ્ય મંત્રી સમક્ષ પણ ન્યાયની માંગ કરવામાં આવી છે.

પતિએ જણાવ્યું છે કે પરિવાર અને બાળકોના ભવિષ્યને ધ્યાનમાં રાખીને પત્ની પરત આવે તો તેને સ્વીકારવા તૈયાર છે. સાથે જ સમગ્ર ઘટનામાં સંડોવાયેલા લોકો સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ પણ કરવામાં આવી છે.




AI IMAGE

### દેશની અગ્રણી પોલીસ એકેડેમીમાં મહિલા ટ્રેનીનું શોષણ

# ટ્રેની IPS એ મારા પર કોન્ડમના પેકેટ ફેંક્યા: મહિલા ટ્રેની અધિકારી

## પીડિત મહિલા ટ્રેની અધિકારીએ કહ્યું IPS અધિકારી ઉદય કૃષ્ણા રેડ્ડીએ તેને અશ્લીલ અને આપત્તિજનક મેસેજ મોકલ્યા હતા

**સિટી ન્યૂઝ@હૈદરાબાદ**

હૈદરાબાદના શિવરામપલ્લી ખાતે આવેલી સરદાર વલ્લભભાઈ પટેલ નેશનલ પોલીસ એકેડેમીમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. એક મહિલા ટ્રેની અધિકારીની લેખિત ફરિયાદના આધારે અત્તાપુર પોલીસે ટ્રેની આઈપીએસ અધિકારી ઉદય કૃષ્ણા રેડ્ડી સામે જાતીય સતામણી  મારપીટ અને ધમકી આપવા બદલ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

પીડિત મહિલા ટ્રેની અધિકારીના જણાવ્યા મુજબ, આ ઉત્પીડન જૂન મહિનાના અંતથી શરૂ થયું હતું. આરોપી IPS અધિકારી ઉદય કૃષ્ણા રેડ્ડીએ તેને અશ્લીલ અને આપત્તિજનક મેસેજ મોકલ્યા હતા તેમજ અન્ય ટ્રેનીઓની સામે તેના વિશે અપમાનજનક ટિપ્પણીઓ કરી હતી.

આટલું જ નહીં, મહિલા અધિકારીનો તેમની મંજૂરી વિના એક ખાનગી વિડિયો રેકોર્ડ કરી લીધો હતો અને બદનામ કરવાના હેતુથી તે વિડિયો પીડિતાના પતિને મોકલીને તેને બ્લેકમેલ કરવાનો પણ પ્રયાસ કર્યો હતો.

એફઆઈઆરની વિગતો મુજબ, ૯ જુલાઈની રાત્રે આરોપીએ મહિલા અધિકારીને બળજબરીપૂર્વક અટકાવીને પોતાના રૂમમાં ખેંચી ગયો હતો. ત્યાં તેના વાળ પકડીને ગળું દબાવવાનો પ્રયાસ કર્યો હતો અને ગળા પર ચપ્પુ રાખી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

આ ઘટના દરમિયાન આરોપીએ મહિલા પર કોન્ડમના ૩ પેકેટ ફેંક્યા હતા અને તેના પ્રાઈવેટ પાર્ટ્સને અડવાનો પ્રયાસ કરી શારીરિક અડપલાં કર્યા હતા. ત્યારપછી ૧૦ જુલાઈના રોજ પણ તેની સાથે ફરીથી મારપીટ કરવામાં આવી હતી.

દેશના ભાવિ પોલીસ અધિકારીઓને તાલીમ આપતી દેશની ટોચની એકેડેમીમાં જ આવી ઘટના બનતાં પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે. અત્તાપુર પોલીસે સંબંધિત કલમો હેઠળ કેસ નોંધીને આગળની કાનૂની કાર્યવાહી શરૂ કરી છે.

# ધરણાંની મંજૂરી છતાં અટકાયત કરાઈ હોવાનો લોકસંસદ વિચાર મંચનો આક્ષેપ

**પોલીસે લોકશાહી અધિકારોનું હનન કર્યું હોવાનો દાવો; RTI અને માનવ અધિકાર પંચમાં રજૂઆત કરવાની જાહેરાત**

સિટી ન્યૂઝ@રાજકોટ



લોકસંસદ વિચાર મંચે આરોપ લગાવ્યો છે કે સોનમ વાંગચૂકના સમર્થનમાં ભક્તિનગર સર્કલ ખાતે યોજાનારા ધરણા માટે પોલીસની લેખિત મંજૂરી મળ્યા છતાં કાર્યક્રમ શરૂ થાય તે પહેલાં જ પોલીસ દ્વારા આંદોલનકારીઓની અટકાયત કરવામાં આવી હતી. મંચના જણાવ્યા મુજબ આ કાર્યવાહી લોકશાહી અધિકારોનું હનન સમાન છે.

મંચના દાવા અનુસાર ધરણા માટે ૧૭ જુલાઈએ પોલીસ કમિશનર કચેરીમાં અરજી કરવામાં આવી હતી અને ૧૮ જુલાઈએ નાયબ પોલીસ કમિશનરની સહી સાથે સાંજે ૬:૩૦થી ૮:૦૦ વાગ્યા સુધી કાર્યક્રમ માટે મંજૂરી પણ આપવામાં આવી હતી. તેમ છતાં કાર્યક્રમ પૂર્વે જ વિવિધ સ્થળોએથી આગેવાનોને ડિટેઇન કરવામાં આવ્યા હતા.

મંચે વધુમાં આક્ષેપ કર્યો છે કે પોલીસ દ્વારા મંજૂરી રદ કરાઈ હોવાની મૌખિક જાણ કરવામાં આવી હતી, પરંતુ તે અંગે કોઈ લેખિત આદેશ આપવામાં આવ્યો નહોતો. મંજૂરી શા માટે રદ કરવામાં આવી અને અટકાયત કોના આદેશથી કરવામાં આવી તે અંગે માહિતી મેળવવા RTI હેઠળ અરજી કરવામાં આવશે તેમજ જરૂરી કાનૂની અભિપ્રાય મેળવી માનવ અધિકાર પંચમાં ફરિયાદ કરવામાં આવશે તેવી જાહેરાત પણ કરવામાં આવી છે.

મંચે દાવો કર્યો છે કે ગજેન્દ્રસિંહ ઝાલા, જેન્તીભાઈ હિરપરા, પ્રવીણભાઈ લાખાણી, કાંતિભાઈ પ્રજાપતિ, દિલીપભાઈ આસવાણી, ઈન્દુભા રાઓલ, નટુભા ઝાલા અને કમલેશભાઈ જોટંગિયાની અટકાયત કરી તેમને પોલીસ હેડક્વાર્ટર ખાતે રાખ્યા બાદ રાત્રે મુક્ત કરવામાં આવ્યા હતા.

લોકસંસદ વિચાર મંચે સમગ્ર ઘટનાની નિંદા કરતાં જણાવ્યું છે કે ભારતીય બંધારણ હેઠળ શાંતિપૂર્ણ વિરોધ કરવાનો અધિકાર દરેક નાગરિકને પ્રાપ્ત છે અને આ મુદ્દે આગળ પણ લોકશાહી ઢબે લડત ચાલુ રાખવામાં આવશે.

# ડગલે ડગલે દંડવત કરી વૃદ્ધની 650 કિ.મી.ની દ્વારકા યાત્રા





## દ્વારકાધીશમાં અતૂટ વિશ્વાસથી સકારામ બાપાની અનોખી યાત્રા પહોંચી દ્વારકા સમીપ

સિટી ન્યૂઝ@રાજકોટ

૧૦ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ રાજસ્થાનના અસાડાથી યાત્રા શરૂ કરી કુલ ૬૫૦ કિલોમીટર લાંબી આ યાત્રામાં તેઓ દરરોજ ફક્ત ૫ કિલોમીટર જ દંડવત કરતા આગળ વધે છે. આજે યાત્રાનો ૧૪૦ મો દિવસ છે અને તેઓ દ્વારકાથી માત્ર ૧૫ કિલોમીટર દૂર પહોંચી ગયા છે. જ્યાં પણ રાત પડે ત્યાં ગામના લોકોના આશરે રાત્રી રોકાણ કરીને ફરી સવારે યાત્રા શરૂ કરે છે. બાપાનું કહેવું છે કે આ યાત્રા તેઓ કોઈ મનોકામના કે લાલચ વિના માત્ર નિસ્વાર્થ ભાવે કરી રહ્યા છે. આ તેમની સત ત્રીજી વખત ની દ્વારકા દંડવત યાત્રા છે. તેના પહેલા તેઓ ૧૧ વખત રણુજા ધામ ની પણ દંડવત યાત્રા કરી ચુક્યા છે.સકારામ બાપાની આ શ્રદ્ધા અને સમર્પણને જોઈને રસ્તામાં આવતા ગામના લોકો ભાવવિભોર થઈ જાય છે. તેમના દર્શન માટે લોકોની ભીડ જામે છે. હવે ગણતરીના દિવસોમાં બાપા દ્વારકાધીશના ચરણોમાં પહોંચશે.

### યાત્રા દરમિયાન ચોરી: 4 લાખનો માલ ગયો

જોકે આ પવિત્ર યાત્રા દરમિયાન એક દુઃખદ ઘટના પણ બની હતી. જામનગર જિલ્લાના બેડ ગામ પાસેથી પસાર થતા સમયે ચોરોએ બાપાના ૪ લાખ રૂપિયાથી વધુનો માલ-સામાન અને રોકડ રકમ ની ચોરી કરી લીધી હતી. આજ સુધી ચોરાયેલો સામાન અને રકમ પરત ન મળતા બાપાએ જામનગર પોલીસની કામગીરી પર સવાલો ઉઠાવ્યા છે.

ફલેટ વેચવાનો છે
બ્રાન્ડ ન્યુ બિલ્ડીંગ
ફક્ત રેસીડેન્શીયલ કંપાઉન્ડ પેક સોસાયટી
4 BHK
1400 કારપેટ
શિવસંગમ સોસાયટી
૧૫૦ ફુટ રીંગ રોડ,રાજકોટ
જીતુ કોઠારી : 97250 48181



# ભાવભીની શ્રદ્ધાંજલિ

## સ્વ. જયેન્દ્રસિંહ રણજીતસિંહ ડોડીયા

**સ્વ. તા. ૧૮-૦૭-૨૦૨૬, શનિવાર**

દુખ સાથ જણાવવાનું કે, શ્રી જયેન્દ્રસિંહ રણજીતસિંહ ડોડીયા
(શ્રી હરસિધ્ધી એન્ટરપ્રાઇઝ વાળા)
તા. ૧૮-૦૭-૨૦૨૬, શનિવારના રોજ શ્રીજીચરણ
પામેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના...

નથી હાજર પણ, સાથે છો તમે તેમ લાગ્યા કરે છે.
હર પલ તમારા હોવાનો આભાસ થયા કરે છે.
પણ મારી યાદો માં સતત તમારા દર્શન થયા કરે છે.

લી.

- અમરસિંહ ચકુભાઈ ચૌહાણ
- સંજયસિંહ અમરસિંહ ચૌહાણ
- કલ્પેશ અમરસિંહ ચૌહાણ
- કૌશિક અમરસિંહ ચૌહાણ
- પ્રવિણસિંહ ગગજીભાઈ ચૌહાણ
- યુવરાજસિંહ ચૌહાણ (ફૂલછાબ પ્રેસ)

# પાલીતાણામાં ગુરુવંદના મહોત્સવે ત્રણ શિક્ષક સંઘોની ઐતિહાસિક એકતા દર્શાવી

## 200થી વધુ શિક્ષકોનું સન્માન; શત્રુંજય યુવક મંડળના ઉપક્રમે ગિરિરાજની ગોદમાં પ્રેરણાદાયી કાર્યક્રમ યોજાયો

ગોતમ ગોસ્વામી
સિટી ન્યૂઝ@પાલીતાણા





પાલીતાણાની પવિત્ર તીર્થભૂમિ અને ગિરિરાજ શત્રુંજયની ગોદમાં શત્રુંજય યુવક મંડળના નેજા હેઠળ ગુરુવંદના મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની વિશેષતા એ રહી કે પાલીતાણા તાલુકાના શિક્ષક સંઘ, શૈક્ષિક સંઘ અને મુખ્ય શિક્ષક સંઘ પ્રથમ વખત એક મંચ પર આવી શિક્ષકોની એકતા અને સમર્પણનું ઐતિહાસિક ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

કાર્યક્રમમાં તાલુકાના ૨૦૦થી વધુ શિક્ષકોનું પુષ્પગુચ્છ અને સન્માનપત્ર અર્પણ કરીને ગુરુવંદના કરવામાં આવી હતી. આ પ્રસંગે 'બાળ દેવો ભવ'નો સંદેશ પ્રસારિત કરવામાં આવ્યો હતો. બાદમાં તમામ શિક્ષકો માટે સાત્વિક ભોજનની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના સભ્ય તરીકે વરણી પામેલા ભગવાનભાઈ મેરનું ત્રણેય શિક્ષક સંઘોના સંયુક્ત ઉપક્રમે વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન આચાર્ય વિજય પ્રબોધચંદ્રસૂરિજી મહારાજ, આચાર્ય વિજય શ્રમણચંદ્રસૂરિજી મહારાજ અને આચાર્ય વિજય શ્રુતચંદ્રસૂરિજી મહારાજના પ્રેરણાદાયી આશીર્વચનોએ ઉપસ્થિતોને પ્રભાવિત કર્યા હતા.

કાર્યક્રમમાં પાલીતાણાના ડી.વાય.એસ.પી. મિહિર બારૈયા, પ્રાથમિક શિક્ષણાધિકારી ગોપાલભાઈ અધેરા, બી.આર.સી. ઘનશ્યામભાઈ મોભ સહિત શિક્ષણજગતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. શત્રુંજય યુવક મંડળ દ્વારા પાલીતાણા અને આસપાસના વિસ્તારોમાં ચાલી રહેલી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓની પણ માહિતી આપવામાં આવી હતી. મોટી સંખ્યામાં ઉપસ્થિત શિક્ષકોના સહયોગથી કાર્યક્રમ સફળ અને યાદગાર બન્યો હતો.

# શ્રાવણ માસમાં સોમનાથ ખાતે 51 કુંડી મહામૃત્યુંજય યજ્ઞનું આયોજન

» માત્ર રૂ. 51માં યજ્ઞનો લાભ; સોમનાથ આવનાર કોઈપણ ભાવિક પૂજાના પુણ્યથી વંચિત નહીં રહે



સિટી ન્યૂઝ@રવિ ખખ્ખર-ગીર સોમનાથ

પવિત્ર શ્રાવણ માસ દરમિયાન પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવના દર્શનાર્થે આવતા લાખો શ્રદ્ધાળુઓ માટે સોમનાથ ટ્રસ્ટ દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર શ્રાવણ માસ દરમિયાન ૫૧ કુંડી મહામૃત્યુંજય મહાયજ્ઞ અનુષ્ઠાન યોજાશે, જેથી કોઈપણ ભાવિક પૂજાના પુણ્ય લાભથી વંચિત ન રહે.

ટ્રસ્ટના જણાવ્યા મુજબ શ્રાવણ શરૂ થવાના એક મહિના પહેલાં જ સમગ્ર માસની પાઘ પૂજા, છેલ્લી ધ્વજા પૂજા અને મોટી સંખ્યામાં સોમેશ્વર પૂજાનું બુકિંગ પૂર્ણ થઈ ગયું છે. તેથી સામાન્ય ભાવિકોને પણ પૂજાનો લાભ મળી રહે તે હેતુથી આ વિશેષ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે.

ભક્તો માત્ર રૂ. ૫૧ના નામમાત્રના શુલ્કમાં યજ્ઞમાં નોંધણી કરાવી શકશે. યજ્ઞ દરમિયાન મહામૃત્યુંજય મંત્રની ૫૧ આહુતિઓ અર્પણ કરવામાં આવશે. જરૂરી હવન સામગ્રી ટ્રસ્ટ દ્વારા પૂરી પાડવામાં આવશે.

યજ્ઞ માટે મંદિરની સ્વાગત કક્ષ, મંદિર પરિસરના કાઉન્ટર તેમજ ટ્રસ્ટની સત્તાવાર વેબસાઇટ somnath.org પરથી બુકિંગની સુવિધા ઉપલબ્ધ કરાશે. દિવસ દરમિયાન કુલ ૯ સ્લોટમાં યજ્ઞ યોજાશે. મંદિર પરિસરમાં દક્ષિણ દ્વાર, બાણસ્તંભ અને શો પેવેલિયન નજીક વિશાળ યજ્ઞ વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. યજ્ઞમાં પરંપરાગત ધોતીનો પહેરવેશ ફરજિયાત રહેશે અને ટ્રસ્ટ દ્વારા ધોતીની પણ વ્યવસ્થા કરવામાં આવશે.

ટ્રસ્ટે જણાવ્યું હતું કે પૌરાણિક માન્યતા અનુસાર સોમનાથની ભૂમિ મહામૃત્યુંજય મંત્રની સિદ્ધ ભૂમિ છે, જ્યાં ચંદ્રદેવે મહામૃત્યુંજય મંત્રના જાપથી ભગવાન શિવનું વરદાન પ્રાપ્ત કર્યું હતું. ટ્રસ્ટે તમામ શિવભક્તોને શ્રાવણ માસ દરમિયાન મહામૃત્યુંજય મહાયજ્ઞમાં જોડાઈ ભક્તિ અને પુણ્યનો લાભ લેવા આહ્વાન કર્યું છે.

# ફેમિલી પેન્શન મુદ્દે રક્ષાબંધને મંત્રીઓને રાખડી બાંધવાની તૈયારી

» જિલ્લા પેન્શનર-સિનિયર સિટિઝન સમાજની 25 જુલાઈએ મહત્વપૂર્ણ બેઠક; કેન્દ્રના ધોરણે ફેમિલી પેન્શનની માંગ પર વિસ્તૃત ચર્ચા થશે

સિટી ન્યૂઝ@રાજકોટ

દિવંગત પેન્શનરોની અપરિણીત, વિધવા, ત્યક્તા અને ડિવોર્સી પુત્રીઓને ઉંમરની કોઈ મર્યાદા વિના કેન્દ્ર સરકારના ધોરણે ફેમિલી પેન્શનનો લાભ મળે તેવી માંગ હવે વધુ બળવત્તર બની રહી છે. આ મુદ્દે રાજકોટ જિલ્લા પેન્શનર અને સિનિયર સિટિઝન સમાજ દ્વારા ૨૫ જુલાઈએ મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. બેઠકમાં આગામી રક્ષાબંધનના દિવસે રાજ્યના મંત્રીઓને રાખડી બાંધી પોતાની લાગણી અને માંગણી રજૂ કરવાની યોજના અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવશે. આ બેઠક સવારે ૧૦:૩૦ કલાકે નાગર બોર્ડિંગ, વિરાણી હાઈસ્કૂલ સામે યોજાશે. બેઠકનું અધ્યક્ષસ્થાન પૂર્વ સાંસદ રમાબેન માવાણી સંભાળશે, જ્યારે પૂર્વ સાંસદ રામજીભાઈ માવાણી અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. બેઠકમાં જિલ્લા અને તાલુકા સ્તરના નિવૃત્ત કર્મચારી મંડળોના હોદ્દેદારો ઉપરાંત વિવિધ પેન્શનર સંગઠનોના પ્રતિનિધિઓ મોટી સંખ્યામાં ભાગ લેશે. આ ઉપરાંત સમગ્ર ગુજરાતના જિલ્લા અને તાલુકા પેન્શનર મંડળોના પ્રમુખોને પણ ઉપસ્થિત રહેવા આમંત્રણ આપવામાં આવ્યું છે. રાજકોટ જિલ્લા પેન્શનર અને સિનિયર સિટિઝન સમાજના પ્રમુખ હારિતસિંહ જાડેજાએ તમામ સંબંધિતોને હાજરી આપવા અનુરોધ કર્યો છે અને આ મુદ્દે એકજૂટતા દર્શાવવાની અપીલ કરી છે.

### પ.પૂ. ગોપાળાનંદ સ્વામી અને પ.પૂ. ગુણાતીતાનંદ સ્વામીનાં કરકમલો દ્વારા સ્થાપિત બે સદીથી પણ વધુ પૌરાણિક

# લોધીકા દરબારગઢ સ્થિત શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરનો ભવ્ય પુનરોદ્ધાર પ્રસંગ

### વિશ્વપ્રસિદ્ધ સાળંગપુર હનુમાન મહારાજની મૂર્તિ જેવી જ સમગ્ર વિશ્વમાં એકમાત્ર 10 ફૂટની વિશાળ મૂર્તિ

## 21 જુલાઈએ સુંદરકાંડ પાઠ અને ભોજન પ્રસાદ; ઠાકોર સાહેબ માનવેન્દ્રસિંહજી જાડેજાના માર્ગદર્શન હેઠળ પુનરોદ્ધાર કાર્ય પૂર્ણ



સિટી ન્યૂઝ@રાજકોટ

સૌરાષ્ટ્રના ઈતિહાસમાં ધર્મનિષ્ઠા, અપ્રતિમ દાનવીરતા અને ક્ષત્રિય ટેકના પ્રતિક તરીકે જેમનું નામ સુવર્ણ અક્ષરે અંકિત થયું છે, તેવા લોધીકાના રાજઋષિ ઠાકોર અભયસિંહજી જાડેજાના ભક્તિમય વારસામાં વધુ એક સુવર્ણ પૃષ્ઠ ઉમેરાવા જઈ રહ્યું છે. યોગેશ્વર કૃપાપાત્ર ઠાકોર સાહેબ અભયસિંહજી બાપુની ઉપસ્થિતિમાં તથા પ.પૂ. ગોપાળાનંદ સ્વામી અને પ.પૂ. ગુણાતીતાનંદ સ્વામી દ્વારા સ્થાપિત ૨૫૦ વર્ષથી પણ વધુ પૌરાણિક એવા કષ્ટભંજનદેવ હનુમાનજીના મંદિરનો ભવ્ય પુનરોદ્ધાર પ્રસંગ આગામી મંગળવાર, ૨૧ જુલાઈ ૨૦૨૬ ના રોજ લોધીકા મુકામે ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવશે.

SBI બેંક બિલ્ડીંગની બાજુમાં આવેલા ઐતિહાસિક લોધીકા દરબારગઢ ખાતે યોજાનારા આ ભવ્ય પુનરોદ્ધાર મહોત્સવ અંતર્ગત સાંજે ૭.30 કલાકે 'ભોજન પ્રસાદ' તેમજ સાંજે ૯.00 કલાકે 'સુંદરકાંડ પાઠ'નું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.ઠાકોર અભયસિંહજી જાડેજાએ પોતાની અંતિમ અવસ્થામાં અક્ષરનિવાસી સદગુરુ ગોપાળાનંદ સ્વામીના કૃપાપાત્ર સેવક સંત મહાપુરુષદાસજી સ્વામીની આજ્ઞા અને આશીર્વાદથી, રાજકોટ ઠાકોર સાહેબ પાસેથી બોરડીવાળી વાડીની જમીન ખરીદી હતી. વિક્રમ સંવત ૧૯૪૨ (ઈ.સ. ૧૮૮૫-૮૬) માં ત્યાં રૂ. ૧૦,૦૦૦/- ના ખર્ચે એક ભવ્ય અને કલાત્મક છત્રી/મંદિરનું નિર્માણ કરાવી તેનો દસ્તાવેજ રાધારમણદેવને અર્પણ કર્યો હતો. આજે રાજકોટના ભૂપેન્દ્ર રોડ પર આ સ્થળ 'બોરડીવાળા મંદિર' તરીકે શોભી રહ્યું છે, જ્યાં હજારો સંતો અને હરિભક્તો દર્શન તથા સત્સંગનો લાભ લઈ રહ્યા છે.

અભયસિંહજીની નિયમનિષ્ઠા અજોડ હતી. એકવાર વિજયાદશમીના પર્વે નવાનગર (જામનગર) દરબારમાં જામ વિભાજીની કચેરીમાં જ્યારે તેમને કસુંબાની પ્યાલી ધરવામાં આવી, ત્યારે તેમણે પોતાની કંઠી-માળા બતાવીને 'નિયમ છે' કહી નમ્રતાપૂર્વક ઈનકાર કર્યો. સભામાં થયેલા કટાક્ષ સહન ન થતાં, તેમણે કમરમાંથી રેશમી ભેઠ ડટાવી, કટાર હાથમાં લઈ જામ પાસે જઈને કહી દીધુંઃ "બાપુ! ગળામાં છેદ પાડી આ પ્યાલી રેડી દો. હું પણ ક્ષત્રિય છું અને આપ પણ ક્ષત્રિય છો, બંનેની પ્રતિજ્ઞા પાળવી એ જ ધર્મ છે.

"તેમની આવી જ અડગ ભક્તિનો અન્ય એક કિસ્સો લોધીકા પ્રાંત સાહેબ સાથે જોડાયેલો છે. સાહેબના વારંવારના તેડા છતાં દરબાર પોતાની ૭ કલાકની પૂજામાં લીન રહ્યા અને સેવકોને કડક હુકમ કર્યો કે 'આગ લાગે તો પણ ધ્યાનમાંથી જગાડશો નહીં'. તેમની આ અચળ ધર્મનિષ્ઠાથી પ્રભાવિત થઈને બ્રિટિશ સરકારે ખાસ ફરમાન બહાર પાડવું પડ્યું હતું કે, "બપોરે ૧ વાગ્યા સુધી અભયસિંહજીને કોઈ પણ સરકારી કામે હાજર કરવા નહીં.

સાહિત્ય અને સંતો પ્રત્યે તેમને અપાર આદર હતો. ભીમ અગિયારસના દિવસે કેરીની ભારે અછત હોવા છતાં, તેમણે "એક રૂપિયાનું એક ફળ મળે તો પણ લાવો" એવો આદેશ આપી સેંકડો સાધુઓને કેરીનો પ્રસાદ જમાયો હતો. સાહિત્ય ક્ષેત્રે તેમણે રાજકવિ ભીમજીભાઈ પાસે ૨૫ અધ્યાય અને કવિશ્વર દલપતરામ પાસે 'શ્રી પુરુષોત્તમ ચરિત્ર', 'છંદ રત્નાવલી' તથા 'સ્વામિનારાયણનું જન્મ ચરિત્ર' જેવા અમૂલ્ય ગ્રંથો ગુજરાતીમાં લખાવ્યા. આ માટે તેમણે કવિ દલપતરામને બે વર્ષ સુધી લોધીકામાં આશ્રય આપ્યો હતો, જે સમયગાળા દરમિયાન મહાકવિ ન્હાનાલાલ પણ લોધીકાની શાળામાં અભ્યાસ કરતા હતા.

વિક્રમ સંવત ૧૯૩૮ (ઈ.સ. ૧૮૮૧) માગશર વદ ૬ ના રોજ તેમણે લોધીકામાં એક વિશાળ ત્રણ માળનું 'ડરિમંદિર' બંધાવી ગણપતિ, હનુમાનજી અને શિવ-પાર્વતી સહિત પંચદેવની સ્થાપના કરી. આ મંદિરની શિલા ગુણાતીતાનંદ સ્વામીએ રાખી હતી અને મૂર્તિઓની પ્રાણ-પ્રતિષ્ઠા સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામી તથા સ.ગુ. ગોપાળાનંદ સ્વામીના હસ્તે થઈ હતી, જેનો હસ્તાક્ષરવાળો શિલાલેખ આજે પણ મોજૂદ છે. તેમણે પોતાના જીવનકાળ દરમિયાન ધર્મકાર્યો માટે કુલ રૂ. ૧,૩૬,૦૦૦/-નું માતબર દાન કર્યું હતું.

લોધીકાના ઠાકોર સાહેબોએ પ્રજાવિકાસ માટે અનેક પ્રશંસનીય કાર્યો કર્યા. તેમણે બ્રિટિશ સરકારની મંજૂરીથી 'બેડિયા' નામના સંયુક્ત ગામનું નવનીકરણ કરી, પોતાના દાદાબાપુના નામ પરથી "અભયપુર" (હાલનું અભેપર) ગામ વસાવ્યું. તેમજ પોતાના વડીલ બંધુ અમરસિંહજીની સ્મૃતિમાં ભીચરી ગામનું નામ "અમરગઢ" પાડી (જે રાજકોટના પૂર્વ ૨ ગાઉ ઉપર છે) ત્યાં રાજકોટનો પૂર્વ ગેટ બંધાવી એક ભવ્ય દરવાજો બનાવ્યો. આ 'મેઈન ગેટ'નું ઉદ્દઘાટન રાજકુમાર કોલેજના માજી પ્રિન્સિપાલ સી. મેંન સાહેબના હસ્તે થયું હતું. ઉપરાંત, અમરગઢની સરહદે વહેતી લડaપરી નદી પર તેમણે પાકો કોઝવે બંધાવ્યો, જેનું ઉદ્દઘાટન હાલાર પ્રાંતના તત્કાલીન મેજર સી. એફ. હેરોલ્ડના હસ્તે થતાં તે "ડેરોલ્ડ કોઝવે" તરીકે ઓળખાયો. જેના બંનેના શિલાલેખ મોજૂદ છે.

લોધીકા રાજ પરિવારની ઉદારતાની પરાકાષ્ઠા એ હતી કે 'રાજકોટ સ્ટેટ અને લોધીકા સ્ટેટ બંને એક જ ઘર છે' તેમ માનીને, તેમણે રાજકોટની પ્રજાના હિત માટે ભીચરી ગામની સરહદમાંથી લાલપરી નદીનું વહેતું પાણી લાલપરી તળાવમાં આપવા માટે રાજકોટ ઠાકોર સાહેબ સાથે કરાર કર્યા અને રાજકોટવાસીઓની જળસમસ્યા હલ કરી.

રાજઋષિ અભયસિંહજીના અંતિમ શ્વાસ પણ અલૌકિક રહ્યા. તેમણે અગાઉથી જ પૂજારી લાલજી મહારાજને કડી દીધું હતું કે, "આજ રાત્રે મારે દેડ મેલવો છે." અડધી રાત્રે જ્યારે શ્રીજી મહારાજ સ્વયં રથ અને વિમાન સાથે તેમને તેડવા પધાર્યા, ત્યારે ત્યાં હાજર થાણેદારે પૂછતા ભગવાને સ્વયં કહ્યું કે, "અમે સ્વામિનારાયણ છીએ અને દરબાર અભયસિંહજીને તેડવા આવ્યા છીએ." મહારાજના દર્શન થતાં જ દરબાર બેઠા થયા, ચરણસ્પર્શ કર્યા અને ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી તથા ગુણાતીતાનંદ સ્વામી સહિતના સંતો મને તેડવા આવ્યા છે, સૌને સ્વામિનારાયણ નાં ભજન કરવાનો સંદેશ આપી દેહત્યાગ કર્યો. બીજા દિવસે ચંદન અને તુલસીના લાકડાથી તેમના અંતિમ સંસ્કાર કરાયા ત્યારે થાણેદારે પણ સ્વીકાર્યું કે, "સ્વામિનારાયણ ભગવાન પોતાના ભક્તોને અંતકાળે તેડવા આવે છે, તે વાત પરમ સત્ય છે.

લોધીકા દરબારગઢ ખાતે ૨૫૦ વર્ષ જૂના પૌરાણિક શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિરનો આ પુનરોદ્ધાર પ્રસંગ એ માત્ર એક ધાર્મિક ઉત્સવ નથી, પરંતુ રાજઋષિ અભયસિંહજી બાપુ અને મહાન સંતો દ્વારા રોપાયેલા ભક્તિના બીજનું વિશાળ વટવૃક્ષ છે. ૨૧ જુલાઈ૨૦૨૬ના રોજ યોજાનારો આ મહોત્સવ લોધીકાના ભવ્ય ભક્તિ-વારસાને વધુ ઉજ્જ્વળ બનાવશે.

સમગ્ર પુનરોદ્ધાર નું કાર્ય હાલના ઠાકોર સાહેબ માનવેંદ્રસિંહજી જાડેજા દ્વારા પરિપૂર્ણ કરી ધર્મ પ્રેમી જનતાને અર્પણ કરવામાં આવેલ છે.

# સ્વ.બિમલભાઈ શાહના ચક્ષુદાનથી બે વ્યક્તિઓના જીવનમાં પ્રકાશ

**સિટી ન્યૂઝ@રાજકોટ**



સ્વ. બિમલભાઈ નવીનચંદ્ર શાહ (ઉ.વ. ૫૯)ના અવસાન બાદ તેમના પરિવારજનોએ શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી ચક્ષુદાન કરવાનો નિર્ણય લઈ બે વ્યક્તિઓના જીવનમાં પ્રકાશ ફેલાવવાની પહેલ કરી છે. મિહિરભાઈ શાહ અને રુદ્રભાઈ શાહે બંને ચક્ષુઓનું દાન કરવાની સંમતિ આપી હતી. ચક્ષુદાન પ્રક્રિયામાં ડો. ધર્મેશભાઈ શાહ, ડો. માનસીબેન શંખરવા તથા તેમની ટીમે સેવા આપી હતી. વિનય જસાણીએ શાહ પરિવારનો આભાર વ્યક્ત કરી નાગરિકોને રક્તદાન, ચક્ષુદાન અને અન્ય સેવાકીય પ્રવૃત્તિઓ માટે આગળ આવવા અપીલ કરી છે.

# બુઢણા ગામે 'મંજુલા સરોવર'નું લોકાર્પણ, જળસંચયનો સંદેશ

**સિટી ન્યૂઝ@ભાવનગર**

સિહોર તાલુકાના બુઢણા ગામે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા સમાજસેવી અનુભાઈ તેજાણીના સહયોગથી બનેલા 'મંજુલા સરોવર'નું લોકાર્પણ કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર. પાટીલના હસ્તે થયું. કાર્યક્રમમાં મંત્રી કૌશિકભાઈ વેકરિયા અને પૂર્વ સાંસદ રમેશભાઈ પડુક સહિત આગેવાનો હાજર રહ્યા.

સી.આર. પાટીલે જણાવ્યું કે જળસંચયને જનઆંદોલન બનાવી પાણીદાર ભારત બનાવવું જરૂરી છે. દરેક પરિવારે વરસાદી પાણી જમીનમાં ઉતારવાનો સંકલ્પ કરવો જોઈએ. તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જનભાગીદારીના મંત્રને મહત્વપૂર્ણ ગણાવ્યો અને ગીરગંગા ટ્રસ્ટના પ્રયાસોને પ્રેરણારૂપ ગણાવ્યા. મહિલાઓને પાણી બચત, કિચન ગાર્ડન અને વૃક્ષારોપણ માટે અપીલ કરી.

તેમણે જણાવ્યું કે જળ જીવન મિશન હેઠળ ૧૬ કરોડથી વધુ ઘરોમાં નળથી પાણી પહોંચ્યું છે અને ૨૦૨૮ સુધી બાકી ૩ કરોડ ઘરોને આવરી લેવાશે.

કાર્યક્રમમાં દિગ્વિજયસિંહ ગોહિલ, મહેન્દ્રસિંહ સરવૈયા, ગોપાલભાઈ વાઘેલા, ભીજુભાઈ ડાંગર, ભાઈ હુમલ તેમજ અધિકારીઓ અને ગ્રામજનો હાજર રહ્યા. ગીરગંગા ટ્રસ્ટના દિલીપભાઈ સખીયા, અનુભાઈ તેજાણી પરિવાર અને અન્ય આગેવાનો પણ ઉપસ્થિત રહ્યા.




| IPO DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| CALIBER MINING & LOGISTICS | 17/7 | 21/7 | 402 - 424 | 35 | 14,840 |
| XTRANET TECHNOLOGIES | 23/7 | 27/7 | 120 - 127 | 110 | 13,970 |
| INDO-MIM | 23/7 | 27/7 | 461 - 485 | 30 | 14,550 |
| LOHIA CORP | 23/7 | 27/7 | 404 - 425 | 35 | 14,875 |
| SME DETAILS | | | | | |
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| SOTEFIN BHARAT | 16/7 | 20/7 | 178 - 187 | 1200 | 2,24,400 |
| GULF LLOYDS (INDIA) | 20/7 | 22/7 | 100 | 2400 | 2,40,000 |
| METALIC TECHNOFORGE | 21/7 | 23/7 | 72 - 77 | 3200 | 2,46,400 |
| SHREE BALAJI (MALA) TEXTILES | 22/7 | 24/7 | 66 - 70 | 4000 | 2,80,000 |

## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- **PUNJAB NATIONAL BANK** ચોખ્ખો નફો: વાર્ષિક ધોરણે ૨૧૩.૬% વધીને ૫,૨૫૩.૨૯ કરોડ થયો છે, જે ગયા વર્ષે સમાન ગાળામાં ૧,૬૭૫.૦૦ કરોડ હતો. ચોખ્ખી વ્યાજની આવક (NII): કોર ધિરાણમાંથી થતી આવક વાર્ષિક ધોરણે ૨.૦૮% વધીને ૧૦,૭૯૮.૩૬ કરોડ થઈ છે, જે ગયા વર્ષે ૧૦,૫૭૮.૦૯ કરોડ હતી. કુલ આવક: વાર્ષિક ધોરણે લગભગ ફ્લેટ રહીને ૩૭,૨૩૦.૭૩ કરોડ નોંધાઈ છે. જોકે, ત્રિમાસિક (QOQ) ધોરણે તેમાં ૨.૫૧% નો ગ્રોથ જોવા મળ્યો છે.
- **IDBI BANK** ચોખ્ખો નફો: વાર્ષિક ધોરણે ૫.૩૮% વધીને ૨,૧૧૫.૧૮ કરોડ થયો છે, જે ગયા વર્ષે સમાન ગાળામાં ૨,૦૦૭ કરોડ હતો. ચોખ્ખી વ્યાજની આવક (NII): કોર ધિરાણમાંથી થતી આવક વાર્ષિક ધોરણે ૧૦.૧% વધીને ૩,૪૮૬ કરોડ થઈ છે, જે ગયા વર્ષે ૩,૧૬૬ કરોડ હતી. કુલ આવક: વાર્ષિક ધોરણે સામાન્ય વધારા સાથે ૮,૫૭૩ કરોડ નોંધાઈ છે, જે ગયા વર્ષે ૮,૪૫૮ કરોડ હતી.
- **CAN FIN HOMES** કામગીરીમાંથી આવક: વાર્ષિક ધોરણે ૭% વધીને ૧,૦૯૬.૩૩ કરોડ પર પહોંચી છે, જે ગયા વર્ષે સમાન ગાળામાં ૧,૦૨૦.૪૦ કરોડ હતી. EBITDA: વાર્ષિક ધોરણે ૮% ના વધારા સાથે ૧,૦૦૧ કરોડ નોંધાયો છે, જે ગયા વર્ષે ૯૨૯ કરોડ હતો. ચોખ્ખો નફો : વાર્ષિક ધોરણે ૧૯.૬૩% વધીને ૨૬૭.૮૨ કરોડ થયો છે, જે ગયા વર્ષે Q૧ FY૨૬ માં ૨૨૩.૮૭ કરોડ હતો.
- **ICICI BANK** ચોખ્ખો નફો: વાર્ષિક ધોરણે ૧૫.૯૫% વધીને ૧૪,૮૦૪.૫૦ કરોડ પર પહોંચ્યો છે, જે ગયા વર્ષે સમાન ગાળામાં ૧૨,૭૬૮.૨૧ કરોડ હતો. ચોખ્ખી વ્યાજની આવક (NII): વાર્ષિક ધોરણે ૧૨.૭૧% વધીને ૨૪,૩૮૪.૩૫ કરોડ થઈ છે, જે ગયા વર્ષે ૨૧,૬૩૫ કરોડ હતી. કોર ઓપરેટિંગ પ્રોફિટ: વાર્ષિક ધોરણે ૧૫.૬% ના વધારા સાથે ૨૦,૨૩૫ કરોડ નોંધાયો છે.
- **AXIS BANK** ચોખ્ખો નફો: વાર્ષિક ધોરણે ૨૨.૫% વધીને ૭,૧૧૪ કરોડ પર પહોંચ્યો છે, જે ગયા વર્ષે સમાન ગાળામાં ૫,૮૦૬ કરોડ હતો. ચોખ્ખી વ્યાજની આવક (NII): કોર ધિરાણમાંથી થતી આવક વાર્ષિક ધોરણે ૮% વધીને ૧૪,૬૪૬ કરોડ થઈ છે, જે ગયા વર્ષે ૧૩,૫૬૦ કરોડ હતી.
- **KOTAK MAHINDRA BANK** ચોખ્ખો નફો: વાર્ષિક ધોરણે ૨૫.૬૪% ના વધારા સાથે ૪,૧૨૨.૯૬ કરોડ પર પહોંચ્યો છે, જે ગયા વર્ષે સમાન ગાળામાં ૩,૨૮૧.૬૮ કરોડ હતો. ચોખ્ખી વ્યાજની આવક (NII): કોર ધિરાણમાંથી થતી આવક વાર્ષિક ધોરણે ૯.૨૨% વધીને ૭,૯૨૮ કરોડ થઈ છે, જે ગયા વર્ષે ૭,૨૫૯ કરોડ હતી.
- **RBL BANK** ચોખ્ખો નફો: વાર્ષિક ધોરણે ૨૬.૬૪% વધીને ૨૫૩.૭૦ કરોડ થયો છે, જે ગયા વર્ષે સમાન ગાળામાં ૨૦૦.૩૩ કરોડ હતો. ચોખ્ખી વ્યાજની આવક (NII): વાર્ષિક ધોરણે ૧૧.૭૪% વધીને ૧,૬૫૪.૪૫ કરોડ થઈ છે, જે ગયા વર્ષે ૧,૪૮૦.૬૬ કરોડ હતી. નેટ ઇન્ટરેસ્ટ માર્જિન (NIM): વ્યાજ ખર્ચ વધવાને કારણે માર્જિન ગયા વર્ષના ૪.૫૦% થી સામાન્ય ઘટીને ૪.૧૩% રહ્યું છે.
- **HDFC BANK** ચોખ્ખો નફો: વાર્ષિક ધોરણે ૪.૯૮% વધીને ૧૯,૦૫૯.૭૨ કરોડ થયો છે, જે ગયા વર્ષે સમાન ગાળામાં ૧૮,૧૫૫.૨૧ કરોડ હતો. ચોખ્ખી વ્યાજની આવક (NII): વાર્ષિક ધોરણે ૬.૬૭% વધીને ૩૩,૫૩૩.૯૫ કરોડ થઈ છે, જે ગયા વર્ષે ૩૧,૪૩૭.૯૭ કરોડ હતી. શેર દીઠ કમાણી (EPS): પ્રતિ શેર વધીને ૧૨.૩૮ થઈ છે, જે ગયા વર્ષે સમાન ગાળામાં ૧૧.૮૬ હતી.

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ એડવાઇઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઇ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**

# રાજકોટ ડિવિઝને AI આધારિત સ્માર્ટ આરએસ વાલ્વ સિમ્યુલેટર વિકસાવ્યું

## લોકો પાયલટોને વાસ્તવિક ટ્રેન સંચાલન જેવી તાલીમ મળશે; રેલ સુરક્ષા અને કાર્યક્ષમતામાં થશે વધારો

સિટી ન્યૂઝ@રાજકોટ

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝને રેલ સુરક્ષા અને લોકો પાયલટોના કૌશલ્ય વિકાસ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત 'સ્માર્ટ આરએસ વાલ્વ સિમ્યુલેટર' વિકસાવ્યું છે. આ નવીન સિમ્યુલેટર લોકો પાયલટો અને આસિસ્ટન્ટ લોકો પાયલટોને વાસ્તવિક ટ્રેન સંચાલન જેવી પરિસ્થિતિમાં તાલીમ આપશે, જેના કારણે તેમની નિર્ણય ક્ષમતા, સતર્કતા અને સુરક્ષા જાગૃતિમાં વધારો થશે.




રાજકોટ ડિવિઝનના સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનિલ કુમાર મીનાના જણાવ્યા મુજબ સિમ્યુલેટરમાં વાસ્તવિક રેલ માર્ગોના વીડિયો અને AI આધારિત રિયલ-ટાઈમ સિગ્નલ કંટ્રોલ સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો છે. તેમાં દિવસ, રાત્રિ, વરસાદ અને ગાઢ ધુમ્મસ જેવી વિવિધ પરિસ્થિતિઓનું સિમ્યુલેશન ઉપલબ્ધ હોવાથી લોકો પાયલટોને પડકારજનક સંજોગોમાં કાર્ય કરવાની અસરકારક તાલીમ મળશે.

સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (ટ્રેક્શન) મનોજ કુમાર રાવે જણાવ્યું હતું કે સિમ્યુલેટરમાં પશુ અથવા વ્યક્તિ સાથે અથડામણ, Y અને YY સ્પીડ રિસ્ટ્રિક્શન ઈન્ડિકેટર્સ તેમજ SPAD (Signal Passed At Danger) જેવી વાસ્તવિક ઓપરેટિંગ પરિસ્થિતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. તાલીમ બાદ ઓટોમેટેડ પરફોર્મન્સ રિપોર્ટ પણ ઉપલબ્ધ થાય છે, જેના આધારે તાલીમાર્થીની ખામીઓ ઓળખી વધુ અસરકારક તાલીમ આપી શકાય છે.આ સિસ્ટમ સંપૂર્ણપણે સુરક્ષિત અને કરકસરયુક્ત તાલીમ પૂરી પાડે છે. તેના કારણે લોકો પાયલટોનો આત્મવિશ્વાસ વધશે, ટ્રેનર્સને તાલીમાર્થીઓનું મૂલ્યાંકન સરળ બનશે અને સુરક્ષિત તથા કાર્યક્ષમ રેલ સંચાલનને વધુ મજબૂતી મળશે.

ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનો જણાવ્યું હતું કે રાજકોટ ડિવિઝન આધુનિક ટેકનોલોજી અને ઈનોવેશન દ્વારા રેલ સુરક્ષા અને ઓપરેશનલ શ્રેષ્ઠતાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી રહ્યું છે. સ્વદેશી રીતે વિકસાવાયેલું આ સિમ્યુલેટર ભારતીય રેલવેની આધુનિક તાલીમ પ્રણાલીમાં મહત્વપૂર્ણ ઉમેરો સાબિત થશે.

# બાલાજી હનુમાનજી મંદિરે રંગબેરંગી શણગાર, નૂતન વાઘાના દર્શન



સિટી ન્યૂઝ@રાજકોટ

કરણસિંહજી હાઈસ્કૂલ, ભૂપેન્દ્ર રોડ સ્થિત શ્રી બાલાજી હનુમાનજી મંદિર ખાતે કષ્ટભંજન બાલાજી હનુમાનજી મહારાજના સાનિધ્યમાં મંદિર પરિસરને કેસરી, પીળા, ગુલાબી અને સફેદ રંગના આકર્ષક ફુગ્ગાઓથી શણગારવામાં આવ્યું છે. પ્રવેશદ્વારે ઊભા કરાયેલા રંગબેરંગી ફુગ્ગાના તોરણે સમગ્ર વાતાવરણને ઉત્સવમય બનાવી દીધું છે. આ પ્રસંગે બાલાજી હનુમાનજી મહારાજને સુંદર નૂતન વાઘાનો શણગાર ધારણ કરાવવામાં આવ્યો છે. દાદાના આ શણગારના દર્શન કરવા મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી રહ્યા છે અને ભક્તિભાવપૂર્વક દર્શનનો લાભ લઈ રહ્યા છે. મંદિરના મહંત વિવેકસાગરદાસજી સ્વામી, સ્વામિનારાયણ મુખ્ય મંદિરના મહંત રાધારમણદાસજી સ્વામી તથા કોઠારી મુનિવત્સલદાસજી સ્વામી દ્વારા તમામ ધર્મપ્રેમી જનતા અને ભાવિક ભક્તોને સહપરિવાર પધારી બાલાજી હનુમાનજી મહારાજના આ શણગારના દર્શનનો લાભ લેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# અવસાન નોંધ



**રાજકોટ :** આઈ. ઓ. સી .વાળા દિનેશભાઈ ચાવડા (ઉંમર વર્ષ ૭૩) અક્ષરવાસ થયેલ છે. જે વિશાલભાઈ (૯૮૨૦૨૬૮૫૨૬ ) (ફાર્મ ટુ ફેમિલી ઓર્ગેનિક સ્ટોર) વાળાના પિતા તથા પ્રવીણભાઈ ચાવડા (બી,એસ,એન,એલ )ભરતભાઈ (આર, એન, એસ,બી) કિશનભાઈ (પીજીવીસીએલ), તથા ઉષાબેન ત્રીકમજીભાઈ સોલંકી (યુ.એસ.એ)ના ભાઈનું બેસણું તાઃ-૨૦-૭-૨૦૨૬ સોમવાર ૪/૩૦ થી ૬/૩૦ સાંજે શ્રી સિધ્ધનાથ મહાદેવનું મંદિર પંચાયત નગર યુનિવર્સિટી રોડ રાજકોટ ખાતે રાખેલ છે.